RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 62* Date: 28.12.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં ઓમિક્રોન વેરિઅન્ટ જાણે ત્રીજી લહેર લાવશે તેવું લાગી રહ્યું છે

## ઓમિક્રોનના ભય વચ્ચે અનેક રાજ્યોએ નિયમો કડક કર્યા



,નવીદીલ્હી,તા.૨૭

ઓમિક્રોનના વધતા જતા કેસો બાદ મહારાષ્ટ્રમાં પણ નાઈટ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. રાજ્યમાં રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ ચાલુ રહેશે. રાજ્યના કોઈપણ ભાગમાં ૫ થી વધુ લોકો એક જગ્યાએ એકઠા થઈ શકશે નહીં. સરકાર દ્વારા કડક શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના નિયમોનું ઉલ્લંઘન કરવા પર ૫૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. તેમજ કાર્યક્રમમાં નિયમોનો ભંગ કરવા બદલ આયોજકોને ૫૦ હજાર રૂપિયા સુધીનો દંડ ભરવો પડી શકે છે. મધ્યપ્રદેશમાં રાત્રે ૧૧ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ રહેશે. ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકો જેમણે રસીના બંને ડોઝ લીધા નથી તેઓ સિનેમા હોલ, મલ્ટિપ્લેક્સ, થિયેટરો, જીમ, કોચિંગ ક્લાસ, સ્વિમિંગ પુલ, ક્લબ, સ્ટેડિયમમાં પ્રવેશ મેળવી શકશે નહીં. સરકારી કર્મચારીઓને બંને ડોઝ લેવા જરૂરી છે. મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મરીમાં ભક્તોનો પ્રવેશ પણ બંધ રહેશે. ઉત્તર પ્રદેશમાં રાત્રે ૧૧ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ ચાલુ રહેશે. લગ્ન સમારોહમાં ૨૦૦ થી વધુ લોકોને પ્રવેશ મળશે નહીં.

માસ્ક વિના માલ મળશે નહીં. બહારથી આવતા સમયે ટેસ્ટ કરાવવો જરૂરી રહેર્શે રાજસ્થાનમાં કોરોનાના બીજી લહેરથી નાઈટ કર્ફ્યુ લાગુ છે. કેસ ઓછા થયા બાદ તેમાં કેટલીક છૂટ આપવામાં આવી હતી, પરંતુ ઓમિક્રોનના ખતરાને જોતા સરકાર ફરીથી એલર્ટ મોડમાં આવી ગઈ છે.કોરોના વાયરસ નવા વેરિઅન્ટ ઓમિક્રોન વેરિઅન્ટના વધતા જતા કેસોને જોતા ઘણા રાજ્યોએ પોતપોતાના રાજ્યોમાં કોરોના પ્રતિબંધો અને રાત્રિ કર્ફ્યુની જાહેરાત કરી છે. અત્યાર સુધીમાં દેશભરમાંથી ઓમિક્રોનના લગભગ ૪૫૦થી વધુ કેસ નોંધાયા છે. ઓમિક્રોનથી વધતા સંક્રમણના મામલાઓને અંકુશમાં લેવા માટે તમામ રાજ્યો પોતપોતાના સ્તરે જરૂરી પ્રયાસો કરી રહ્યા છે. કેસ પર નિયંત્રણ મેળવવા માટે મોટાભાગની રાજ્ય સરકારોએ નાઈટ કર્ફ્યુની જાહેરાત કરી છે. ભારતની રાજધાનીમાં ઓમિક્રોનના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે નાઈટ કર્ફ્યુની જાહેરાત કરી છે. રાજધાનીમાં આજે રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કર્ફ્યુ લાગુ રહેશે.

દિલ્હી સરકારે યલો એલર્ટમાં જતા પહેલા જ સાવચેતીના ભાગરૂપે આ નિર્ણય લીધો છે. સરકારનું કહેવું છે કે આજે પણ જો કોરોનાનો ચેપ દર ૦.૫૦ ટકા રહ્યો છે. તો દિલ્હી મેટ્રો ૫૦ ટકા ક્ષમતાથી ચલાવવામાં આવશે. એટલું જ નહીં, ઓડ-ઈવન ફોર્મ્યુલા બજારોમાં પણ લાગુ થશે. કર્ણાટકમાં કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટના વધતા જતા કેસોને લઈને મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ રવિવારે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યમાં 'નાઈટ કર્ફ્યુ' લાદવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, કર્ણાટક સરકારે રાજ્યમાં ૨૮ ડિસેમ્બરથી નાઈટ કર્ફ્યુની જાહેરાત કરી છે. આ કર્ફ્યુ ૧૦ દિવસ સુધી અમલમાં રહેશે. રાજ્યના આરોગ્ય પ્રધાન ડૉ ડીકે સુધાકરે જણાવ્યું હતું કે ૨૮ ડિસેમ્બરથી સમગ્ર કર્ણાટકમાં રાત્રે ૧૦ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ લાગુ રહેશે. એટલું જ નહીં, સાર્વજનિક સ્થળો પર તમામ પ્રકારની ન્યૂ યર પાર્ટીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. હોટલ, રેસ્ટોરન્ટ, પબ અને અન્ય સ્થળોને માત્ર ૫૦ ટકા લોકો સાથે ચલાવવાની મંજૂરી આપવામાં આવશે.આસામ સરકારે ૨૬ ડિસેમ્બરથી સમગ્ર રાજ્યમાં રાત્રિ કર્ફ્યુની જાહેરાત કરી છે. આસામમાં રાત્રે ૧૧.૩૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. જો કે, રાજ્ય સરકારે હાલમાં નવા વર્ષની પૂર્વ સંધ્યાએ નાઈટ કર્ફ્યુમાંથી મુક્તિ આપી છે. રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું છે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ નાઈટ કર્ફ્યુ લાગુ થશે નહી.

કોરોના સંક્રમણના વધતા જતા કેસો વચ્ચે ગુજરાત સરકારે નાઈટ કર્ફ્યુમાં વધારો કર્યો છે. ગુજરાતના ૮ મોટા શહેરોમાં નાઈટ કર્ફ્યુ ૩૧ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવ્યો છે. આ શહેરોમાં રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કર્ફ્યુ ચાલુ રહેશે. આ નવો સમય અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જૂનાગઢ, જામનગર, ભાવનગર અને ગાંધીનગર શહેરમાં લાગુ થશે. વાસ્તવમાં, તહેવારોની સિઝનમાં સંક્રર્મણ ફેલાવવાનું જોખમ નોંધપાત્ર રીતે વધી ગયું છે. ગુજરાત સરકારે ક્રિસમસ અને નવા વર્ષને ધ્યાનમાં રાખીને સાવચેતીના ભાગરૂપે આ પગલું ભર્યું છે.

## દેશમાં ૨૦૨૦-૨૧માં ૪.૪૩ કરોડ લોકોએ આઈટી રિટર્ન ફાઈલ થયા

નવીદીલ્હી,તા.૨૭

૨૫ ડિસેમ્બર, ૨૦૨૧ સુધી કુલ ૪,૪૩,૧૭,૬૯૭ ઈ ફાઇલ કરવામાં આવ્યા છે જેમાંથી ૧૧,૬૮,૦૨૭ ITR એ જ દિવસે ફાઈલ કરવામાં આવ્યા હતા. વિભાગે કરદાતાઓને એસએમએસ અને ઈમેલ મોકલીને સમયસર રિટર્ન ફાઈલ કરવાનું યાદ અપાવ્યું છે. વ્યક્તિગત ITR ફાઈલ કરવાની વિસ્તૃત સમયમર્યાદા ૩૧ ડિસેમ્બરે સમાપ્ત થાય છે. જો તમે હજુ સુધી તમારું ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કર્યું નથી તો શક્ય તેટલું જલ્દી કરો. અન્યથા તમારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નવા પોર્ટલ પર ITR કેવી રીતે ફાઈલ કરવું તે પણ જાણો કારણ કે પદ્ધતિઓ બદલાઈ ગઈ છે. નવું પોર્ટલ પહેલા કરતા વધુ સરળ છે અને એકવાર તમે લોગીન થઈ જાઓ તો રિટર્ન ફાઈલ કરવામાં કોઈ સમસ્યા નહી રહે.

આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૨૫ ડિસેમ્બર સુધી, ૪.૪૩ કરોડથી વધુ આવકવેરા રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે. તેમાં ૨૫ ડિસેમ્બરે ૧૧.૬૮ લાખથી વધુ આવકવેરા રિટર્નનો પણ સમાવેશ થાય છે. એક ટ્વીટમાં આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે ફાઈલ કરાયેલ કુલ રિટર્નમાંથી ૨.૪૧ કરોડથી વધુ ITR-1 અને લગભગ ૧.૦૯ કરોડ ITR-4 છે. આ રિટર્ન નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ (આકારણી વર્ષ ૨૦૨૧-૨૨) માટે ફાઈલ કરવામાં આવ્યા છે.

## દેશમાં ૧ જાન્યુઆરીથી બાળકોની રસી માટે રજિસ્ટ્રેશન કરી શકાશે

નવીદિલ્હી,તા.૨૭

ભારત પહેલા પણ ઘણા દેશોએ બાળકોને રસી આપવાનું શરૂ કર્યું હતું. જોકે વય મર્યાદા ભારતથી અલગ રાખવામાં આવી છે. યુકેમાં ૧૨-૧૫ વર્ષના, ડેનમાર્કમાં ૧૨-૧૫ વર્ષ, સ્પેનમાં ૧૨-૧૯ વર્ષ, ફ્રાન્સમાં ૧૨-૧૭ વર્ષ, સ્વીડનમાં ૧૨-૧૫ વર્ષ, નોર્વેમાં ૧૨-૧૫ વર્ષ, યુએસ અને કેનેડામાં ૧૨- ૧૭ વર્ષના બાળકો, ઈઝરાયેલમાં ૫-૧૨ વર્ષ, ચીન અને ૩-૧૭ વર્ષનાં બાળકો અને ચિલીમાં ૬ વર્ષથી પણ રસી આપવામાં આવી રહી છે.ક્યુબામાં આ રસી ૨ વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળકોને આપવામાં આવે છે. હાલ ઓછામાં ઓછા ૪૦ દેશોમાં બાળકોને રસી આપવામાં આવી રહી છે. કેટલાક દેશોમાંઓછામાં ઓછા ૧૨ વર્ષની ઉંમરના બાળકોને રસી આપવામાં આવી રહી છે. જ્યારે ભારતમાં આ મર્યાદા ૧૫ વર્ષની છે. WHOના ચીફ સાયન્ટિસ્ટ સૌમ્યા સ્વામીનાથને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે વેક્સિન ન લીધેલા બાળકોને કોરોના ચેપનું જોખમ અન્ય લોકો જેટલું જ છે.COWIN પ્લેટફોર્મ ચીફ ડૉ. આરએસ શર્માએ જણાવ્યુ કે, ૧૫-૧૮ વર્ષની વય જૂથના બાળકો ૧ જાન્યુઆરીથી કોવિન એપ્લિકેશન પર નોંધણી કરી શકશે. ઉપરાંત રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થીઓ માટે આઈડી કાર્ડનો(ID Card) વિકલ્પ ઉમેર્યો છે.જેથી વિદ્યાર્થીઓ પાસે આધાર કાર્ડ કે અન્ય ઓળખ કાર્ડ ન હોય તો આ વિકલ્પ તેના માટે ઉપયોગી સાબિત થશે. દેશને સંબોધિત કરતા PM નરેન્દ્ર મોદીએ ૧૫ થી ૧૮ વર્ષ સુધીના બાળકોને કોરોનાની રસી અને વરિષ્ઠ નાગરિકો માટે રસીના બૂસ્ટર ડોઝ અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.તમને જણાવી દઈએ કે, ૩ જાન્યઆરીથી બાળકોનુ રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવશે.

### દેશના ૫ રાજ્યમાં યોજાનારી ચુંટણી અંગે મંત્રણા

## ઓમિક્રોનના ભય વચ્ચે ચૂંટણી પંચ અને આરોગ્ય મંત્રાલયની બેઠક

નવીદીલ્હી,તા.૨૭

ઓમિક્રોન ઝડપથી ફેલાય તો શું પગલાં લઈ શકાય. આવતા વર્ષે પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને કારણે આ બેઠકને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. કારણ કે આ બેઠક બાદ પંચ કોરોના સંબંધિત સૂચનાઓને કડક બનાવી શકે છે. ચૂંટણી પંચ તરફથી યોજાનારી આ બેઠકમાં આરોગ્ય સચિવ રાજેશ ભૂષણ સહિત અનેક અધિકારીઓ હાજરી આપશે.

આયોગ અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલી અપીલ અંગે સચિવ સાથે પણ ચર્ચા કરશે. આ પહેલા અલ્હાબાદ હાઈકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચૂંટણી પંચને કોરોનાની સ્થિતિને જોતા હાલ માટે વિધાનસભાની ચૂંટણી મોકૂફ રાખવાની અપીલ કરી હતી. આ પછી, મુખ્ય ચૂંટણી કમિશનરે આવતા અઠવાડિયે ઉત્તર પ્રદેશની મુલાકાત લીધી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી નિર્ણય લેવા જણાવ્યું હતું. ચૂંટણી પૂર્વેની તૈયારીઓની સમીક્ષા કરવા પંચ પંજાબ, ગોવા અને ઉત્તરાખંડની મુલાકાત લઈ ચૂક્યું છે. હવે મંગળવારે યુપીનો પ્રવાસ થશે. ગોવા, પંજાબ, ઉત્તરાખંડ અને મણિપુર વિધાનસભાનો કાર્યકાળ આવતા વર્ષે માર્ચમાં પૂરો થાય છે, જ્યારે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીનો કાર્યકાળ મે મહિનામાં પૂરો થશે. આવતા વર્ષે તમામ રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચૂંટણી પંચ પ્રચાર, મતદાનના દિવસો અને ગણતરીની તારીખો માટે તેના કોવિડ-૧૯ પ્રોટોકોલને સુધારવા માટે સૂચનો પણ માંગી શકે છે.પાંચ રાજ્યોની ચૂંટણીને લઈને ચૂંટણી પંચ અને સ્વાસ્થ્ય મંત્રાલય સોમવારે સવારે બેઠક કરશે.

આ બેઠક સવારે ૧૧ વાગ્યાની આસપાસ યોજાશે. એવું માનવામાં આવે છે કે




બેઠકમાં કોરોના વાયરસના નવા ઓમિક્રોન વેરિઅન્ટના વધતા સંક્રમણને લઈને ચર્ચા થઈ શકે છે. ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, બેઠકમાં વૈશ્વિક સ્તરે ઓમિક્રોન વેરિઅન્ટના વધતા સંક્રમણ અને ભારતમાં આગામી દિવસોમાં તેની અસર વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના સચિવ આયોગને જણાવશે કે, કેન્દ્ર દ્વારા અત્યાર સુધી રાજ્ય સરકારોને શું સૂચનાઓ આપવામાં આવી છે.

## કેપ્ટન અમરિંદરસિંહની અમિત શાહ સાથે મુલાકાત

ન્યુદિલ્હી, તા.૨૭

પુર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહની પાર્ટી- પંજાબ લોક કોંગ્રેસ ગઠબંધનના આધારે જ આગળ વધવાનો નિર્ણય લઈ લીધો છે. જો કે આ ગઠબંધનમાં ભાજપ જ મોટી પાર્ટી હશે અને રાજ્યની ૭૦થી વધુ સીટોં પર ચૂંટણી લડવાની શક્યતાઓ છે. પજાબ વિધાનસભાની કુલ ૧૧૭ સીટોં છે. બંને સિનીયર નેતા પંજાબમાં સીટોની વહેંચણી બાબતે વાતચીત થઈ છે. કેપ્ટને પહેલેથી જ સંકેત આપ્યા હતા અમરિંદર સિંહ પહેલેથી જ ભાજપની સાથે રહેશે તેવી અટકળો ચાલી રહી હતી. કેપ્ટને પણ પહેલેથી જ સંકેત આપ્યા હતા કે તેઓ ભાજપની સાથે ગઠબંધન કરી શકે છે. એક ઈન્ટરવ્યુમાં જ તેમણે કહ્યુ હતુ કે ભાજપની સાથે ગઠબંધન માટે મારી એકમાત્ર શરત ખેડૂત આંદોલન જ હશે. તેમણે જણાવ્યું હતુ કે વડાપ્રધાન અને ગૃહ મંત્રી અમિત શાહ સાથે તેમની વાત પહેલેથી જ થઈ ગઈ છે. જ્યારે નવી પાર્ટી બનાવવાની સાથે જ કેપ્ટને ભાજપની સાથે ગઠબંધન કરીને ચૂંટણી મેદાનમાં ઉતરવાની જાહેરાત કરી હતી. આ ગઠબંધનને આકાર આપવા માટે કેપ્ટને વડાપ્રધાન અને ગૃહમંત્રી સાથે પણ વાત કરી હતી. જો કે ભાજપ હાઈકમાન્ડે આ અંગે લાંબા સમય સુધી મૌન સેવ્યું હતું.પંજાબ લોક કોંગ્રેસમાં અધ્યક્ષ અને પંજાબમાં પુર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી છે.

## મહારાષ્ટ્ર વિધાનસભાના શિયાળુ સત્ર પર કોરોનાનું સંકટ

મુંબઈ, તા.૨૭

દેશમાં સૌથી વધુ ઓમિક્રોનના કેસ મહારાષ્ટ્રમાં છે. બીજી તરફ મુંબઈમાં પણ ઓમિક્રોન અને કોરોનાનું સંક્રમણ ઝડપથી વધવા લાગ્યુ છે. કોરોનાની વાત કરીએ તો ૧૪ ડિસેમ્બરે ૨૨૫ કોરોના દર્દીઓ સામે આવ્યા હતા. ૧૯ ડિસેમ્બરે આ સંખ્યા વધીને ૩૩૬ થઈ ગઈ હતી.જયારે ૨૩ ડિસેમ્બરે સક્રિય કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૦૦ પર પહોંચી ગઈ હતી. ૨૬ ડિસેમ્બર સુધીમાં આ આંકડો ૯૨૨ પર પહોંચી ગયો.મુંબઈમાં અત્યાર સુધીમાં ૭,૪૭,૮૬૪ લોકોને કોરોનામાંથી મુક્ત થયા છે. જેથી રિકવરી રેટ સુધરીને હાલમાં ૯૭ ટકા પર પહોંચ્યો છે. મુંબઈ મ્યુનિસિપલ વિસ્તારમાં કોરોના વૃદ્ધિ દર ૦.૦૬ ટકા છે.કોરોનાની બીજી લહેર બાદ સમગ્ર દેશમાં ફરી કોરોનાએ માથુ ઉંચક્યુ છે.બીજી તરફ કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોનની પણ દહેશત જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી દરરોજ કોરોના સંક્રમિત આંકડો ૧૦૦૦ને પાર પહોંચ્યો છે ત્યારે હાલ કોરોનાના વધતા કેસે તંત્રની ચિંતા વધારી છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં હાલ શિયાળુ સત્ર ચાલુ છે.

## ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ફરી એકવાર હિમવર્ષા

ઉતરાખંડ,તા.૨૭

ઉત્તરાખંડના કેદાર ઘાટીના હિમાલયના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી થઈ રહેલી હિમવર્ષાને કારણે સમગ્ર કેદાર ઘાટી ઠંડીની ચપેટમાં આવી ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં વરસાદના અભાવે ઠંડી પડી રહી છે. આવી સ્થિતિમાં કેદાર ઘાટીમાં ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. કેદારનાથ, તુંગનાથ, મદમહેશ્વરની સાથે ચોપતામાં પણ રવિવારે હિમવર્ષા થઈ હતી. મીની સ્વિટ્ઝર્લેન્ડના ચોપતામાં બરફવર્ષાનો આનંદ માણવા સાથે નવા વર્ષની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે. આવી સ્થિતિમાં હિમવર્ષાના કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓના આગમનથી સ્થાનિક વેપારીઓના ચહેરા પણ ખીલી ઉઠ્યા છે. બીજી તરફ, હવામાન વિજ્ઞાન કેન્દ્ર દેહરાદૂનની આગાહી અનુસાર, રાજ્યના ઉત્તરકાશી, ચમોલી અને પિથોરાગઢ જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ, ખાસ કરીને ઊંચાઈવાળા સ્થળોએ હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આ સિવાય બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેશે. ૩૦૦૦ મીટર અને તેનાથી વધુ ઉંચાઈવાળા સ્થળોએ હિમવર્ષા થવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેહરાદૂનમાં આજે આકાશ સ્વચ્છ રહેશે, સવારે અંશતઃ વાદળછાયું વાતાવરણ રહેશે. તે જ સમયે, મહત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. ૩૦ ડિસેમ્બરે પણ કુમાઉ વિભાગના પર્વતીય વિસ્તારોમાં હવામાન ખરાબ રહેશે. હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. બાકીના જિલ્લાઓમાં ખાસ કરીને મેદાની વિસ્તારોમાં હવામાન શુષ્ક રહેશે. આ સાથે જ હિમવર્ષા બાદ તાપમાનનો પારો ગગડતાં રાજ્યભરમાં શીત લહેરનો પ્રકોપ પણ શરૂ થયો છે. પહાડોમાં હિમવર્ષાની સાથે મેદાની વિસ્તારોમાં પણ ઠંડી પડી રહી છે.

## દેશમાં હવેથી ઓનલાઈન ફૂડ ઓર્ડર કરવું મોંઘુ બનાશે

નવીદીલ્હી,તા.૨૭

ગ્રાહકોને ડર છે કે નવા જી્ નિયમ હેઠળ તેમને ડિલિવરી માટે વધુ પૈસા ચૂકવવા પડશે. જો કે ટૂંક સમયમાં જ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આ પગલાની અંતિમ ગ્રાહકો પર કોઈ અસર થશે નહીં કારણ કે કોઈ નવો કર લાદવામાં આવ્યો નથી. જોકે ઘણી વસ્તુઓ માટે ટેક્સના દરમાં વધારો કરવામાં આવ્યો છે. ગ્રાહકો પર કોઈ વધારાનો ટેક્સ લેવામાં આવશે નહી અને કોઈ નવો ટેક્સ જાહેર કરવામાં આવ્યો નથી. પહેલા ટેક્સ રેસ્ટોરન્ટ દ્વારા ચૂકવવામાં આવતો હતો હવે ટેક્સ રેસ્ટોરન્ટને બદલે એગ્રીગેટર દ્વારા ચૂકવવામાં આવશે. ધારો કે તમે એક એપ પરથી ફૂડનો ઓર્ડર આપ્યો છે. અત્યારે રેસ્ટોરન્ટ તમારી પાસેથી પૈસા લઈ રહી છે અને આ ઓર્ડર પર ટેક્સ ચૂકવી રહી છે. પરંતુ એવું જાણવા મળ્યું છે કે ઘણી રેસ્ટોરન્ટ્સ ઓથોરિટીને ટેક્સ ચૂકવતી નથી. તેથી હવે આ પગલું ભરવામાં આવ્યું છે કે જે ફૂડ એગ્રીગેટર તમારું ફૂડ ઓર્ડર કરશે તે ગ્રાહક પાસેથી ટેક્સ વસૂલશે અને તે ઓથોરિટીને આપશે રેસ્ટોરન્ટને નહીં. આ રીતે કોઈ નવો ટેક્સ લગાવવામાં આવ્યો નથી. બીજી તરફ નાણામંત્રીએ કહ્યું કે ફૂડ ડિલિવરી એપ સ્વિગી અને જોમાટોથી ફૂડ ઓર્ડર કરવા પર વધારાનો ટેક્સ લગાવવાનો પ્રશ્ન જ નથી. આ એપ્સ એ જ ટેક્સ વસૂલશે જે રેસ્ટોરન્ટ બિઝનેસ પર લાદવામાં આવે છે.

## તંત્રી સ્થાનેથી...

# બાળકોના વેક્સિનેશનમાં માત્ર કોવેક્સિનનો જ વિકલ્પ મળશે




ભારત બાયોટેકે આ વર્ષે જૂન-જુલાઈમાં ૨થી ૧૮ વર્ષની વયના બાળકો પર કોવેક્સિનનું ટ્રાયલ હાથ ધર્યું હતું. આ રસી ટ્રાયલમાં અસરકારક સાબિત થઈ છે. સામાન્ય આડઅસર જેમ કે તાવ, શરીરમાં દુખાવો, અને ઈન્જેક્શન આપ્યુ હોય તે ભાગ પર સોજો રસી આપ્યા પછી થઈ શકે છે. રસી ઉપરાંત, સરકારે Zydus Cadilaના Zycov-Dને પણ મંજૂરી આપી છે. Jaykov-D 12 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે છે. જો કે, Jaykov-D હજુ સુધી દેશમાં શરૂ થઇ નથી.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ ડિસેમ્બરે દેશને સંબોધિત કરતી વખતે ૧૫થી ૧૮ વર્ષના બાળકોનું રસીકરણ શરૂ કરવાની જાહેરાત કરી હતી. ૧૫થી ૧૮ વર્ષની વયના લોકોની સંખ્યા ૭થી ૮ કરોડની વચ્ચે છે. તેમને હવે ભારત બાયોટેકના કોવેક્સિનનો ડોઝ આપવામાં આવશે. ૧૨થી ૧૮ વર્ષની વયના બાળકો પર ઇમર્જન્સી ઉપયોગ માટે સરકાર દ્વારા કોવેક્સિનને મંજૂરી આપવામાં આવી છે.ભારતે કોરોના સામેની લડાઈમાં એક ડગલુ આગળ વધાર્યું છે. દેશમાં ૩ જાન્યુઆરીથી ૧૫થી ૧૮ વર્ષના બાળકોનું રસીકરણ શરૂ થઈ રહ્યું છે.

પુખ્ત વયના લોકોની જેમ, બાળકોએ પણ રસી માટે નોંધણી કરાવવી પડશે. બાળકોની નોંધણી પણ CoWIN પ્લેટફોર્મ પર કરવામાં આવશે. નેશનલ હેલ્થ ઓથોરિટીના ઝઈ ડો. આર.એસ. શર્માએ જણાવ્યું કે ૧ જાન્યુઆરીથી ૧૫ થી ૧૮ વર્ષની વયના બાળકો રસી માટે નોંધણી કરાવી શકશે. ડો. શર્માએ જણાવ્યું કે ૧ જાન્યુઆરીથી બાળકો પ્રથમ ડોઝ માટે નોંધણી કરાવી શકે છે. હવે બાળકોને ત્યાં માત્ર કોવેક્સિનનો વિકલ્પ જોવા મળશે. તેમણે જણાવ્યું કે સ્ટુડન્ટ આઈડી કાર્ડથી પણ રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. આ ઉપરાંત માતા-પિતાના ફોન નંબર પરથી રજીસ્ટ્રેશન કરવામાં આવશે. એક જ પરિવારના ૪ લોકો એક નંબર પર નોંધણી કરાવી શકે છે. તેમણે કહ્યું કે બાળકો તેમના નજીકના કેન્દ્રની મુલાકાત લઈને સ્થળ પર નોંધણી પણ કરાવી શકે છે.ડો. આર.એસ. શર્માએ જણાવ્યું કે ૧૫થી ૧૮ વર્ષના બાળકોના રસીકરણની નોંધણી ૧ જાન્યુઆરીથી CoWIN પર શરૂ થશે. નોંધણી માટે ૧૦મા ધોરણની માર્કશીટ પણ અરજી કરી શકાય છે. તેમણે કહ્યું કે ઘણા બાળકો પાસે આધાર અથવા અન્ય આઈડી કાર્ડ નથી, તેથી ૧૦મા ધોરણની માર્કશીટનો વિકલ્પ પણ ઉમેરવામાં આવ્યો છે.

# સુરતમાં ઓમિક્રોનના ભય વચ્ચે વેક્સિન મેગા ડ્રાઈવની કામગીરી

સુરત,તા.૨૭

ઓમિક્રોનના ખતરાને આગળ વધતો અટકાવવા માટે તથા તમામ શહેરીજનોને સુરક્ષિત કરવા માટે વેક્સિનેશન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. પાલિકા દ્વારા આજે મેગા વેક્સિનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોવિશિલ્ડ માટે ૩૨૫ સેન્ટર ફાળવવામાં આવ્યાં છે. જ્યારે ૧૦ સેન્ટર કોવેક્સિન માટે ફાળવવામાં આવ્યાં છે. જેથી શહેરના મોટાભાગના લોકોને રસીકરણ હેઠળ આવરી લેવા પાલિકા દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે.સુરતમાં ઓમિક્રોનના કેસ નોધાતા પાલિકા સતર્ક બની છે.

કાપડ અને હીરા બજારમાં માસ્ક વગર એન્ટ્રી ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાથે જ વેક્સિનેશન ઝડપથી થાય તે માટે ભાર મુકાઈ રહ્યો છે. રવિવારે શહેર-જિલ્લામાં કોરોનાના ૨૦ કેસ નોંધાયા છે. કોરોના કેસમાં ઉછાળો આવતાં સંક્રમણને અટકાવવા માટે પાલિકા દ્વારા વેક્સિનેશન સેન્ટરની સંખ્યા વધારી દેવાઈ છે. વેક્સિન ન લેનારને સરકારી ઈમારતો અને બસમાં પણ પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી. પાલિકા દ્વારા મેગા વેક્સિનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૩૨૫ સેન્ટર પર વેક્સિનેશનની કામગીરી થઈ રહી છે. રવિવારે શહેરમાં ૨૦ અને જિલ્લામાં ૦૦ કેસ સાથે વધુ ૨૦ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૧૪૪૩૦૫ થઈ ગઈ છે. એક પણ કોરોના દર્દીનું મોત નિપજ્યું ન હતું.

અત્યાર સુધીમાં કોરોનાનો કુલ મૃતાંક ૨૧૧૮ થયો છે. જ્યારે રવિવારે શહેરમાંથી ૧૦ કોરોના પોઝિટિવ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. આ સાથે અત્યાર સુધીમાં શહેર-જિલ્લામાં ૧૪૨૦૫૪ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થઈ ચુક્યા છે. શહેર જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૩૩ નોંધાઈ છે. સુરતમાં ઓમિક્રોનના કેસ નોધાતા પાલિકા સતર્ક બની છે. ઓમિક્રોન પોઝિટિવના સંપર્કમાં આવેલા તમામના ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યા છે.

### અમદાવાદમાંથી એક ટ્રક પકડતા યુપીના પિયુષ જૈન સુધી કાર્યવાહી થઈ

# અમદાવાદમાંથી એક બિલને આધારે યુપીથી ૨૮૪ કરોડ કેશ મળી

કાનપુર,તા.૨૭

યુપીના કન્નોજમાંથી પકડાયેલ કરોડો રૂપિયાની લિંક ગુજરાતમાંથી એક બિલથી થઈ હતી. અમદાવાદની DGGI ટીમ દ્વારા એક ટ્રક પકડવામાં આવી હતી. આ ટ્રકમાં જતા માલના બિલ નકલી કંપનીઓના નામે બનાવવામાં આવ્યા હતા. તમામ બિલ ૫૦ હજાર રૂપિયાથી ઓછા હતા, જેથી Eway Bill ન બનાવવું પડે. આ પછી DGGIએ કાનપુરમાં ટ્રાન્સપોર્ટરની જગ્યા પર દરોડા પાડ્યા હતા. અહીં DGGI ને લગભગ ૨૦૦ નકલી બિલ મળ્યા. અહીંથી જ DGGIને પીયૂષ જૈન અને નકલી બિલના કેટલાક કનેક્શનની જાણકારી મળી હતી. આ પછી DGGIએ બિઝનેસમેન પીયૂષ જૈનના ઘરે દરોડા પાડ્યા હતા. અધિકારીઓ જૈનના ઘરે પહોંચ્યા કે તરત જ તિજોરીઓમાં નોટોના બંડલ પડ્યા હતા. આ પછી આવકવેરા વિભાગને જાણ કરવામાં આવી હતી. ત્યારથી પરફ્યુમના વેપારી પર આ એજન્સીઓની કાર્યવાહી ચાલી રહી છે.યુપીમાં કન્નૌજના પરફ્યુમ વેપારી પીયૂષ જૈનની કાનપુરથી ટેક્સ ચોરીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. GST ઈન્ટેલિજન્સે આ કાર્યવાહી હાથ ધરી છે. આરોપીને આગળની કાર્યવાહી માટે કાનપુરથી અમદાવાદ લઈ જવામાં આવે તેવી શક્યતા છે. અત્યાર સુધીના દરોડા દરમિયાન તેમની પાસેથી ૨૫૭ કરોડ રોકડ અને ઘરેણાં મળી આવ્યા છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિકારીઓના જણાવ્યા અનુસાર જૈનની ઝચ્જી એક્ટની કલમ ૬૯ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. એજન્સીઓની કાર્યવાહી દરમિયાન વેપારી જૈનના ઘરની અંદરથી એક ભોંયરું મળી આવ્યું હતું અને ફ્લેટમાંથી ૩૦૦ ચાવીઓ મળી આવી હતી. આ રિકવરી અંગે હ્યઁ તરફથી સત્તાવાર માહિતી આવવાની બાકી છે. હજુ સુધી કરાયેલી કાર્યવાહી દરમિયાન ૨૭૫ કિલો સોના-ચાંદી સાથે ૨૮૪ કરોડ કેશ અને જ્વેલરી જપ્ત કરવામાં આવી છે. રવિવારે ત્રીજા દિવસે જૈનના ઘર અને ફેક્ટરીમાં CGST અને ITનું સર્ચ ઓપરેશન યથાવત રહ્યું હતું. શનિવારે ઘરમાંથી ભોંયરું મળી આવ્યું હતું, જેમાથી ૨૫૦ કિલો ચાંદી અને ૨૫ કિલો સોનાની લગડીઓ મળી આવી હતી.ચાંદીની કિંમત આશરે ૨ કરોડ રૂપિયા જ્યારે સોનાની કિંમત ૧૨.૫૦ કરોડ રૂપિયા છે ભોંયરામાંથી ચલણી નોટો ભરેલી નવ કોથળા પણ મળ્યા હતા. જેમાં મોટાભાગે બે હજારની નોટ છે. જ્યારે અન્ય નોટો ૫૦૦ રૂપિયાની છે. નોટોની ગણતરી માટે મશીન મંગાવાયા હતા.

વિજિલન્સ ટીમને જૈનના મકાનની અંદર અલગ-અલગ થેલાઓમાંથી ચાવીઓ મળી છે. તાળું તોડનારા એક કારીગરે જણાવ્યું હતું કે કુલ ૩૦૦ ચાવી છે. તેમને તાળામાં લગાવીને જોવામાં તકલીફ થઈ રહી છે. જે તાળા ખૂબ પ્રયાસો બાદ પણ ખોલવામાં સફળતા નથી મળતી તેમને તોડવા માટે તેમને બોલાવવામાં આવે છે. કારીગરે જણાવ્યું હતું કે તેમણે શનિવારે ત્રણ મોટા તાળા તોડયા હતા જ્યારે બે જગ્યાએ આંકડી તોડી છે. કાનપુરમાં મોટાભાગના પાન મસાલા ઉત્પાદકો પીયૂષ જૈન પાસેથી પાન મસાલા ખરીદે છે. આ દરમિયાન કન્નૌજમાં બિઝનેસમેનના પૈતૃક ઘર પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. GST ઈન્ટેલિજન્સ ડાયરેક્ટોરેટ જનરલ એટલે કે DGGI અને આવકવેરા વિભાગે કાનપુરમાં કન્નૌજના પરફ્યુમ વેપારી પીયૂષ જૈનના ઘરે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન તિજોરીઓમાંથી એટલા પૈસા મળી આવ્યા કે નોટ ગણવા માટેના મશીનો બોલાવવામાં આવ્યા. કુલ આઠ મશીન દ્વારા નાણાંની ગણતરી કરવામાં આવી હતી.

# જોબ ટકાવી રાખવી હશે તો દરરોજ કંઈક ને કંઈક શીખતા રહેવું પડશે : પ્રોફેસર એરોલ

અમદવાદ,તા.૨૭

બ્રિક બાય બ્રિક આઈઆઈએમ અમદાવાદની આ આર્કાઈવાઝ ગેલેરી ઈન્સ્ટિટ્યૂટના ૬૦ વર્ષની જર્નીને ખૂબ જ સારી રીતે દર્શાવે છે. આઈઆઈએમ અમદાવાદ ભારતની એકમાત્ર ઈન્સ્ટિટ્યૂટ છે કે જેની પાસે આટલી વિશાળ આર્કાવાઈઝ ગેલેરી છે. આ ગેલેરી બનાવવાની શરૂઆત ૨૦૧૯થી કરવામાં આવી હતી, જેને ૨ વર્ષની કામગીરી બાદ હમણા થોડા સમય પહેલા ખૂલ્લી મૂકવામાં આવી છે. આ ગેલેરીમાં ૩ લાખથી પણ વધારે ફોટોઝ અને દસ્તાવેજોને ડિજિટલ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ લાઈબ્રેરીમાં આઈઆઈએમ અમદાવાદમાં ૧૯૭૭માં લેવાયેલી કેટની પરીક્ષાનું પ્રથમ પેપર અને આન્સરશીટથી લઈને ૧૯૬૩માં ઈન્સ્ટિટ્યૂટના પહેલા પોસ્ટ ગ્રેજ્યુએશન રેસિડેન્શિયલ પ્રોગ્રામ માટે આપવામાં આવેલી પ્રિન્ટ એડ જ નહીં પણ આઈઆઈએમ અમદાવાદના ફર્સ્ટ બેચના ફોટો સહિત આઈઆઈએમ અમદાવાદના ઐતિહાસિક રેડ બ્રિક સ્ટ્રક્ચર વિશે પણ માહિતી છે. હાર્વર્ડ બિઝનેસ સ્કૂલને હાથથી લખેલા પત્રોની સાથે સાથે સંસ્થાના પહેલા ફુલટાઈમ ડિરેક્ટર રવિ મથાઈના લેટર પણ છે. આઈઆઈએમ અમદાવાદના સૌપ્રથમ સ્ટ્રક્ચરને પણ ખૂબ સુંદર રીતે બ્રિક બાય બ્રિકમાં રજૂ કરવામાં આવ્યું છે. આઈઆઈએમ અમદાવાદનો લોગો દેશની જાણીતી એડ એજન્સી દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો હતો પણ તેની ટેગલાઈનને લઈને ફેકલ્ટી મેમ્બર્સ વચ્ચે એક કોન્ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જેના માટે ૧૦૦ રૂપિયાના ઈનામની પણ જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રોફેસર રિશિકેશ પાઠક અને યુએલ મોટો વિજેતા થયા હતા પણ તેમને ૧૦૦ રૂપિયાની ઈનામની રકમ આપવામાં આવી ન હતી. આઈઆઈએમ અમદાવાદનો લોગો સતાવાર રીતે ૧૯૬૬માં લૉન્ચ કરવામાં આવ્યો હતો. બ્રિક બાય બ્રિકમાં તે અંગે માહિતી આપવામાં આવી છે ૧૪ વર્ષ પહેલા આઈઆઈએમ અમદાવાદમાં સીઆઈઈની સ્થાપના કરવામાં આવી હતી. જેના કારણે સ્ટુડન્ટ્સને આંત્રપ્રિન્યોરશીપને નજીકથી જોવાનો મોકો પણ મળે છે. જેના ભાગરૂપે છેલ્લા ૫ વર્ષથી સ્ટુડન્ટ્સને જોબ કરતા આંત્રપ્રિન્યોર બનવા માટે વધારે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. સીઆઈઈ ઈક્યુબેટર્સ દર વર્ષે ૭૦થી ૮૦ આઈડિયાઝને સપોર્ટ કરે છે. આઈઆઈએમ ડિરેક્ટરના મતે આઈઆઈએમ અમદાવાદના સ્ટુડન્ટ્સને કોઇ પણ પરિસ્થિતિમાં જોબ ગમે ત્યારે મળી રહે છે આઈઆઈએમ અમદાવાદ તેની માસ્ટર્સ ડિગ્રી માટે દેશ અને વિદેશમાં જાણીતું છે પણ આપને જાણીને નવાઈ લાગશે કે આઈઆઈએમ અમદાવાદના સ્ટુડન્ટ્સને ૫૫ વર્ષ સુધી માત્ર પોસ્ટ ગ્રેજ્યુશન ડિપ્લોમા ડિગ્રી આપવામાં આવતી હતી. આઈઆઈએમ અમદાવાદ ખાતે આવેલા બ્રિક બાય બ્રિક ગેલેરીમાં સત્તા મળતાં જ પીજીપી ડિગ્રીને બદલીને માસ્ટર્સ ડિગ્રી આપવામાં આવશે તેવો બાંહેધરીનો લેટર રજૂ કરવામાં આવેલો બાહેધરી લેટર પણ છેકોરોના બાદ દરેક ક્ષેત્રમાં ખૂબ મોટા પ્રમાણમાં બદલાવ આવ્યા છે, જેના કારણે કેટલાય લોકોને પોતાની જોબ પણ ગુમાવવાનો વારો આવ્યો છે. ત્યારે આ મુશ્કેલ સમયમાં ઈન્ડસ્ટ્રીમાં આવેલા બદલાવમાં જોબ અને બિઝનેસમાં કેવી રીતે ટકી રહેવું તે અંગે આઈઆઈએમ અમદાવાદના ડિરેક્ટર પ્રોફેસર એરોલ ડિસોઝાએ જણાવ્યું હતું કે જોબ હવે પહેલાની જેમ નથી રહી દેશ-વિદેશની તમામ ટોચની કંપનીઓ પોતાની જોબ પ્રોફાઈલ માટે હાલમાં આંત્રપ્રિન્યોર શોધી રહી છે, જો આ મુશ્કેલ સમયમાં જોબ ટકાવી રાખવી હશે તો દરરોજ કંઈક ને કંઈક શીખતા રહેવું પડશે. આજના આ સમયમાં કોઇ પણ વ્યકિત બોસ છે તે કહેવું ખોટું છે.

# મોરબીના રંગપર ગામે આધુનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું

મોરબી,તા.૨૭

મોરબીના રંગપરમાં નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજયમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજયનો કોઈપણ નાગરિક આરોગ્ય સેવાઓથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકારે માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી અનેક આરોગ્ય કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. જેનો દરેક નાગરિકે લાભ લેવો જોઈએ.'પહેલુ સુખ તે જાતે નર્યા'નો ઉલ્લેખ કરતા મંત્રીએ દરેકે આરોગ્ય બાબતે જાગૃત અને વ્યસન મુક્ત બનવા આહવાન કર્યું હતું. રાજયમંત્રી બ્રિજેશ મેરજાએ રંગપર ખાતેથી મોરબી તાલુકાના પાનેલી, નીચીમાંડલ તેમજ હળવદ તાલુકાના સાપડકા ગામ ખાતે રૂપિયા ૨૦ ૨૦ લાખના ખર્ચે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રના પણ વર્ચ્યુલ લોકાર્પણ કરવામાં આવ્યા હતાં. મંત્રી બ્રિજેશ મેરજાના તેમજ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત રંગપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ર્ડા. રાહુલ કોટડીયાએ સ્વાગત તેમજ મોરબી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન હિરાભાઈ ટમારીયાએ આભારવિધિ કરી હતી. જયારે કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ વડસોલાએ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડી.જે. ભગદેવ, જિલ્લા પંચાયત પ્રમુખ ચંદુભાઈ સિહોરા, સહકારી આગેવાન મગનભાઇ વડાવીયા અગ્રણી સર્વ જયંતીભાઈ પડસુંબીયા, અગ્રણી જીગ્નેશભાઈ કૈલા, અજયભાઈ લોરીયા, દિલુભા ઝાલા, કે.કે. ચાવડા, અરવિંદભાઈ વાસદડિયા, રાકેશભાઈ કાવર, શંકરદાન ગઢવી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, ડાયાભાઈ વડસોલા, સરપંચ મેઘરાજસિંહ ઝાલા, પદાધિકારી- અધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# પંજાબમાં જે ખેડુત ચુંટણી લડશે તેમની સાથે મારે કોઈ લેવાદેવા નથી : રાકેશ ટિકૈત



પંજાબ,તા.૨૭

પંજાબના ૨૨ ખેડૂત સંગઠનોએ શનિવારે એક રાજકીય મોરચો બનાવ્યો અને જાહેરાત કરી કે તેઓ રાજકીય પરિવર્તન માટે આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણી લડશે. આ ૨૨ ખેડૂત સંગઠનો પંજાબના ૩૨ ખેડૂત સંગઠનોમાં સામેલ છે જેમણે ત્રણ કેન્દ્રીય કૃષિ કાયદાઓ સામે એક વર્ષથી વધુ લાંબા વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ાયદા વિરુદ્ધ ખેડૂતોના આંદોલનની આગેવાની કરનાર SKMએ સ્પષ્ટતા કરી છે કે તે વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા નથી. ખેડૂત નેતા હરમીત સિંહે કહ્યું હતું કે પંજાબમાં આવતા વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણી લડવા માટે સંયુક્ત સમાજ મોરચાની રચના કરવામાં આવી છે અને ભારતીય કિસાન યુનિયન (રાજેવાલ)ના બલબીર સિંહ રાજેવાલ સંયુક્ત સમાજ મોરચાના નેતા હશે. રાકેશ ટિકૈતે BKUની ચૂંટણી લડવાની સંભાવનાઓ વિશે સ્પષ્ટપણે કંઈ કહ્યું ન હતું, પરંતુ કહ્યું હતું કે 'તેઓ ન તો કોઈ ચૂંટણી લડશે કે ન તો કોઈ પક્ષ બનાવશે.' તેણે કહ્યું કે તેમના પરિવારમાંથી કોઈ વ્યક્તિ ચૂંટણી લડશે નહી. જ્યારે ટિકૈતને પૂછવામાં આવ્યું કે ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં BKUનું સ્ટેન્ડ શું હશે, તો તેમણે કહ્યું કે આદર્શ આચારસંહિતા લાગુ થયા પછી જ તેઓ ભાવિ વ્યૂહરચના જાહેર કરશે. BKU ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચૌધરી નરેશ ટિકૈતે જુલાઈમાં મુઝફ્ફરનગરના સિસૌલીમાં કહ્યું હતુ કે, 'તમામ રાજકીય પક્ષોને જુઓ. જ્યારે તેમની સરકાર આવે છે ત્યારે તેઓ ખેડૂતોનું સાંભળતા નથી. તેથી આગામી વિધાનસભાની ચૂંટણીમાં મ્દ્ભે પોતાનો ઉમેદવાર ઉતારશે. કિસાન ઉમેદવારોને ટિકિટ આપવામાં આવશે. સમાજવાદી પાર્ટી (SP)ના વડા અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અખિલેશ યાદવે તાજેતરમાં એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીત દરમિયાન રાકેશ ટિકૈતને એસપી સાથે આગામી વિધાનસભા ચૂંટણી લડવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ મ્દ્ભેના રાષ્ટ્રીય પ્રવક્તા દ્વારા તેને ઠુકરાવી દેવામાં આવ્યું હતું.

### શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા

# મહારાષ્ટ્રના અમરાવતી ખાતે ગોકુલમ્ ગૌરક્ષા સંસ્થાના સહયોગથી ૨૨મો નિઃશુલ્ક, મેગા પશુ સારવાર કેમ્પ યોજાયો



ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણા જગતના સર્વ જીવો પ્રત્યે વહેતી આવી છે. સર્વ જીવ સૃષ્ટિના રક્ષણનો બોધ જેમણે આપ્યો છે તેવા શ્રી મહાવીર સ્વામીના ઉપદેશનું આંશીક અનુસરણ કરી પૂર્વક શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના અમરાવતી ખાતે ગોકુલમ્ ગૌરક્ષા સંસ્થા તેમજ લાભાર્થી પરિવાર શ્રીમતી માલાબેન વિજયભાઇ દોશી અને શ્રીમતી મીરાબેન હેમીરભાઈ દોશીના સહયોગથી ૨૨મા નિઃશુલ્ક પશુ સારવાર કેમ્પનું આયોજન કરાયું હતું. દેશભરમાંથી ૨૫૦થી વધુ પશુ ચિકિત્સકોએ સેવા દ્વારા વિવિધ પશુઓના રોગનું નિદાન કરીને પશુપાલકોને ઔષધ ઉપચાર ઉપલબ્ધ કરાવ્યા હતા. ગોકુલમ ગૌરક્ષાના પ્રમુખ શ્રી હેમંત મુરકેજી તેમજ તેમની ટીમ દ્વારા આ એક દિવસીય પશુ નિદાન કેમ્પ કરવામાં આવ્યો. આ એક દિવસીય પશુ નિદાન કેમ્પ માટે ગોકુલમ ગૌ રક્ષા ની ટીમ દ્વારા ગ્રામીણ ક્ષેત્રનો સંપર્ક કરવામાં આવ્યો હતો જેના કારણે આસપાસના ગામડાઓમાંથી પશુ પાલકોએ પોતાના પશુઓની બીમારીનું નિદાન કરવા માટે નોંધણી કરવી હતી, આ ઉપરાંત કેમ્પના સમયે આવેલા પશુપાલકોને તા. ૨૦ ડિસેમ્બરના રોજ ચિકિત્સા સેવા આપવામાં આવી હતી. ગૌ આધારીત પંચગવ્ય પ્રોડકટસ કે જેનાથી કોઈ આડઅસર થતી નથી , અલગ અલગ રોગો જેવા કે કેન્સર, સાંધાના દુઃખાવા, મણકાના દુઃખાવાથી બચવા ખૂબ ઉપયોગી છે, તેના સ્ટોલ તથા ફૂટ ફેસ્ટીવલ સ્ટોલ નાંખવામાં આવ્યા હતા જે દ્વારા કેમ્પમાં ઉપસ્થિત રહેનાર લોકોને આ અંગેની માહિતી આપવામાં આવી. જીવદયાના આ મેગા કેમ્પને શુભેચ્છા પાઠવવા માટે સમગ્ર ભારતમાંથી વિવિધ મહાનુભાવો તેમજ જીવદયાના અનેકવિધ શ્રેષ્ઠીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા .

કેમ્પમાં માંદા પશુની સારવાર, પ્રજનન સંબંધી બીમારીની સારવાર, કૃમિનાશક ઉપચાર (ડી-વોર્મિંગ), રક્ત પરીક્ષણ સોનોગ્રાફી, શસ્ત્રક્રિયા (સર્જરી કોઈપણ પ્રકારની ગાંઠ, હરણીયા, પ્લાસ્ટીક કોથળી, આંખ, શીંગડાનું કેન્સર, હાડકાનું ફેંક્ચર ઈત્યાદી) સહીતની સારવાર નિઃશુલ્ક કરાઈ હતી. સાથમાં પશુઓ માટે જયપુર ખાતે ફુટ કેમ્પ પણ યોજાયો હતો. ગોકુલમ ગૌરક્ષા દ્વારા આ અગાઉ ૨૧ પશુ નિદાન કેમ્પ કરવામાં આવેલા છે. આ નિદાન કેમ્પમાં સારવાર કરવામાં આવેલા પશુઓની સારસંભાળ તેમજ દવાની જવાબદારી ગોકુલમ ગૌરક્ષાના આયોજકો ઉપાડી હતી. ગોકુલમ ગૌ રક્ષા સંસ્થામાં હાલમાં ૩૫૦ ગૌમાતા છે.

અત્યાર સુધીમાં ૩૫૦૦ ગૌમાતા પર ઉપચાર કરવામાં આવ્યો છે,જેમાંથી ૩૭૫ ગૌમાતાને સારવાર બાદ કિસાનોને સોંપવામાં આવી હતી. ગોકુલમ ગૌ રક્ષા દ્વારા આયોજિત આ નિદાન કેમ્પમાં વિવિધ કારણોસર પોતાનો પગ ગુમાવેલ પશુને જયપુર 'ફૂટ' લગાડવામાં આવ્યા હતા. આ કેમ્પમાં રાજકોટની કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈનની ડોકટરોની ટીમ તેમજ નાગપુર અને અકોલા કોલેજ અને યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં પશુ ચિકિત્સકોની ટીમ હાજર રહી હતી. આ કેમ્પમાં ગીરીશભાઈ શાહ (ટ્રસ્ટી, સમસ્ત મહાજન, મુંબઈ અને એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના સભ્ય) , કીર્તિભાઈ શાહ (ટ્રસ્ટી, શ્રી ગોદીજી જૈન મંદિર, મુંબઈ) , શ્રેયાંશભાઈ (ટ્રસ્ટી, શ્રી બાબુ અમીચંદ પન્નાલા જૈન મંદિર, વાલકેશ્વર, મુંબઈ),પરેશભાઈ શેઠ (નંદપ્રભા પરિવાર, મુંબઈ), મહેન્દ્રભાઈ સંગોઈ (ટ્રસ્ટી, એક્રર વાલા અહિંસા ધામ, કચ્છ), મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ધીરેન્દ્રભાઈ કાનાબાર , રમેશભાઈ ઠક્કર, શ્રીમતી રેણુકાબેન ઠક્કર(કરુણા ફાઉન્ડેશન- એનિમલ હેલ્પલાઈન,રાજકોટ) હરેશભાઈ વોરા (પ્રમુખ – અહિંસાધામ, કચ્છ),વિજયભાઇ વોરા, દેવેન્દ્રભાઈ જૈન, પરેશભાઈ શાહ , નીલેશભાઇ રાયચૂરા ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જયેશભાઈ શાહ(જરીવાલા) , ભરતભાઈ મહેતા, અશોકભાઈ લોઢા, મનીષ શાહ, આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટની સમગ્ર ટીમ તેમજ ડૉ. હેમંત મુરકે, વિનય બોથર, દેવદત શર્મા, હિતેશ સંઘવી, ચિંતન અદાણી , સાગર સાવલા , નીલેશ રાયચૂરા , મોસમીબેન શાહ , બેલાબેન મહેતા, ડૉ. સુનિલ સૂર્યવંશી, વિજય શર્મા,ડૉ કરુણા મુરકે, જસવંતરાજ લુનીયા, ડૉ. વેદાંત અને ડૉ. ભક્તિ મુરકે સહિતનાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




N.O.G. સાહિત્ય સરિતા ગૃપ
NOG. NO. S.S.0059
વિષય; નાતાલ.
પ્રકાર: ગદ્ય- લેખ
શિર્ષક: ' નાતાલ ની આગવી ઊજવણી'.
શબ્દો- ૩૪૫.

સમગ્ર સૃષ્ટિ ઉપર વિવિધ ભાતની પ્રજા છે,તો તેઓના વિવિધ ધર્મો છે, દરેકનાં અલગ અલગ ધર્મગુરુઓ- સ્થાપકો છે,અને જે તે ધર્મના અનુયાયીઓ પણ કરોડો છે .

પ્રત્યેક ધર્મના સંસ્થાપકના જન્મ દિવસની ઉજવણીની અનોખી રીત છે સાથે અલગ સિધ્ધાંતો છે.

'નાતાલ શબ્દમાં એવો કંઈક અલગ જાદુ છે કે જે સાંભળતાં જ, બાળક, યુવાન અને વૃદ્ધના ચહેરા ઉપર એક અદમ્ય આનંદનો તેજ લિસોટો અને ખુશીની લહેર જરૂર ને જરૂર દિપાયમાન થાય, પછી તે વિશ્ર્વમાં ગમે ત્યાં હોય !

આમ પણ, માનવમાત્ર એક એવું ઉત્સવપ્રિય પ્રાણીછે, જે પ્રત્યેક પ્રસંગને ઉલ્લાસપૂર્વક, ઉમંગભેર મનાવતો હોય.

'નાતાલ એટલે ખ્રિસ્તી ધર્મના સ્થાપક, અને તારણહાર સમા, અને આજે ખ્રિસ્તી ધર્મમાં ભગવાન ની જેમ પૂજાતાં 'ઈશુનો અવતરણ દિવસ.

લોકમાન્યતા મુજબ માતા, 'મેરી અને પિતા જોસેફનું સંતાન!

'મેરીએ પોતાના લગ્ન પહેલાં જ, બાળકને જન્મ બેથલહેમમાં આપેલ અને તે પણ ઢોર રાખવાનાં તબેલામાં !

આજુબાજુના ખેતરોમાં વિચરતાં પશુઓના પાલનહારાઓએ પ્રથમ ઈશુને જોયાં.ઈશુ મોટાં થતાં, તે સમયે, ધર્મના નામે ચાલતા ધતિંગ સામે પ્રજામાં જાગૃતિનું એક મોટું અભિયાન ચલાવ્યું અને તે યહૂદી પ્રજાનાં તારણહાર બની ગયાં.

ખેર ! તેના બદલામાં તેમને લાકડાના ક્રોસ ઉપર લટકાવીને ખીલા ઠોકી, રૂઢિચુસ્ત લોકોએ મારી નાખ્યાં હતાં. તેઓએ તો તેમનું ભલું ઈચ્છયું હતુ.આ છે,મહામાનવ ઈશુનો અહિંસા અને માનવજાત તરફનો પ્રેમ સંદેશો !

આજે વિશ્ર્વમાં, બીજા નંબરે પળાતાં ખ્રિસ્તીધર્મના ધર્મગુરૂના જન્મ દિવસની ઉજવણી એટલે 'નાતાલ. કરોડો લોકોની આસ્થા-શ્રધ્ધાની જ્યોતનો પ્રકાશ પાથરતો દિવસ!

નાતાલની ઉજવણી એટલે દરેકને તેની મનપસંદ ભેટ આપવાનો અને લેવાનો દિવસ.

દેવળમાં માનવજાત માટે શાન્તિ અને પ્રેમભાવનાના વિકાસ માટે પ્રાર્થના કરવાનો શ્રેષ્ઠ દિવસ. વિશેષ કરીને લાલ રંગનો લાંબો ડ્રેસ પહેરી બાળકોને હસાવતો અને ભેટ આપતો પ્રિય 'સાન્તાક્લોઝ!

આ પર્વ એટલે કે પચીસમી ડિસેમ્બર થી સાત જાન્યુઆરી સુધી ઉજવાતાં આ બાર દિવસોમાં અબજો રૂપિયાનું વિશ્ર્વમાં વેચાણ થાયછે, જે વિશ્ર્વની આર્થિક વ્યવસ્થાને વેગ આપે છે.

આજે દરેક દેશનુ અર્થતંત્ર તહેવારો ઉપર નિર્ભર થતું જાય છે, પછી તે ' ભારતહોય કે વિશ્ર્વનો અન્ય દેશ !

મંદિર અને ચર્ચમાં થતો ઘંટારવ, ધાર્મિક આસ્થા સાથે આર્થિક રીતે પણ માનવ જગત માટે જાગૃતિની આ□ક જગાવે છે.

વર્ષ ૨૦૨૨ ના સમગ્ર વિશ્ર્વની પ્રજાને 'પ્યારે'ના હાર્દિક અભિનંદન શુભેચ્છાઓ .

જયકાન્ત ઘેલાણી -' પ્યારે'

---

NOG સાહિત્ય સરિતા ગ્રુપ
NOG no. - 0063
વિષય - નાતાલ
પ્રકાર - ગદ્ય(લેખ)
શીર્ષક - સાન્તાક્લોઝ - એક વિચાર

મારાં મતે માનવમન એ મનુષ્યનું એક એવું અટપટું અંગ છે, જેનો તાગ ખૂદ વ્યક્તિ પોતે પણ જીવનપર્યંત પામી નથી શકતી. એમાં ઉઠતાં વમળો ક્યારેક આપણને દેવ બનાવે તો ક્યારેક દાનવસમ વર્તણૂંક કરાવી બેસે. પરંતુ, દરેક દાનવમા પણ ક્યાંક ને ક્યાંક કરુણા તો વહેતી જ હોય છે. જે આપણાં અનેક પૌરાણિક પાત્રો સાર્થક કરે છે.

આ પ્રેમ, કરુણા અને પરોપકારનું ઝરણું હરહંમેશ માનવમનમા વહેતું રહે એ સંદેશ જનમાનસમાં આરોપવાનુ ઉદ્દાત કાર્ય પરાપૂર્વથી દ્રશ્ય અદ્રશ્ય રીતે થતું આવ્યું છે.

આવાં જ એક વિશ્વવ્યાપી પ્રેમ અને કરુણાના સ્તોત્ર એટલે 'સાંતાક્લોઝ'.

જી હાં, સાન્તાક્લોઝ એ કોઈ એક વ્યક્તિ નથી, કોઈ એક ધર્મ નથી, કોઈ એક પર્વ, સમાજ કે સ્થળ પુરતું મર્યાદિત નથી. સાંતાક્લોઝ એ એક વિચાર છે. પ્રેમની વહેંચણીનો,ખુશીઓની લહાણીનો, પરોપકારનો, પરદુ:ખભંજનવૃત્તિનો, ઉલ્લાસનો, ઉજવણીનો..

આખું વર્ષ જેણે માત્રને માત્ર અભાવમાં જ વિતાવ્યું છે એ ગરીબમાં ગરીબ બાળક પણ નાતાલની રાત્રે એ આશાએ સૂવે છે કે સાન્તા આવશે અને એની ઝોળીમાં કંઈક નાખી જશે. મને યાદ આવે છે કે મારો દિકરો વર્ષો સુધી એ દિવસે સવારે, સાન્તા શું મુકી ગયાં? એ જાણવાની તાલાવેલીમા વહેલો ઊઠી જાય.અનેક રમકડાં હોવા છતાં એની આંખોમાં ઉભરાતો એ આનંદ અનન્ય હોય. આપણે જાણીએ કે વાસ્તવિકતા શું છે! વળી, કાયમ બે મોજાં મૂકે! એક હાઉસમેઈડના દિકરા માટે... અમે ઘણી વખત એવું પણ કરતાં કે એને ગમતી વસ્તુ એ મોજામાં મૂકીએ.. પણ એણે ક્યારેય અંચાઈ ન કરી.

શું છે આની પાછળનો સંદેશ?

ગમે તેટલી મુશ્કેલી કે નિરાશામાં પણ આશાની જ્યોતિ જલતી રાખવી. નાની નાની બાબતોમાં ખુશ થવું અને આપવાની ભાવના કેળવવી.

સામા છેડે સમાજને બીજો પણ મહત્વનો સંદેશ છે કે, હરહંમેશ શક્ય ન હોયતો ક્યારેક ક્યારેક પણ કોઈની ખુશીનું કારણ બનતાં રહો. કોઈને કંઈ આપીને મળેલો સંતોષ ખરેખર અનમોલ છે.

રીટા ભાયાણી.

---

NOG SS NO: 0048
વિભાગ - ગદ્ય
વિષય - નાતાલ
શીર્ષક - સાન્તાક્લોઝ

નાતાલના અવસરનાં લગભગ મહિના પહેલાંથી ફૂટપાથ પર સાન્તાક્લોઝનો ડ્રેસ અને ટોપી વેચતાં પરિવારોનાં બાળકો માટે, નાતાલની રાત્રે પાંચેક વર્ષનો એક બાળક તેના જન્મદિનની ઉજવણી અન્વયે કેક અને નાસ્તો વહેંચવા માટે તેના પરિવાર સાથે આવ્યો. ત્યારે એ બાળકોને લાલ કપડાં, ટોપી અને સફેદ દાઢી વગરનો સાન્તાક્લોઝ દેખાયો.

પ્રકૃતિ શાહ 'પ્રીત'

---

NOG SS NO.0081
વિષય : નાતાલ
પ્રકાર : પદ્ય
શીર્ષક ?: સાંતાક્લોઝ પાસે માંગુ

નાતાલ એ નવતાલનો ઉત્સવ ,પ્રતીક ભાઈચારાનું જી,
ઈશુની સ્નેહવર્ષા અને યહૂદીની એ નફરતની છે વાત જી.
ધર્મ કોઈને નવ? બાંધે કે નવ શીખવે જાત પાત જી,
દીન , દુ:ખીયા પ્રતિ કરૂણા ,સેવા એ જ એનો સાર જી.
ઈશુની સાચ ,ઈશુની શીખ? , એમની ઓળખ જી,
મધર ટેરેસા થકી સૌ જાણે કરૂણા કોને કહીએ જી.
સાંતા ક્લોઝ થકી ભેટ મેળવવાની સૌને ચાહ જી,
કદી ન ચાહ્યું ?સત્ય? જાણવા ,કોણ છે એ દૂત જી.
શ્રદ્ધા એવી ,એ જ? લાવે સુખ આનંદની હેલી જી,
લાલ રંગે એ શોભતો જાણે કુબેર અવતાર જી.
ક્રિસમસનાં એ છોડને, પાઈએ પ્રેમ,હેતનાં નીર જી,
ફળ એ દેશે , ભાઇચારાનાં,સર્વ ધર્મ પ્રતિ ભાવ જી.
ક્રિસમસ હોય કે હોય દિવાળી,ઈદ હોય કે હોળી જી,
સૌ સમજે,સૌ સાનમાં રહે ?, હિંદુસ્તાન દેશ છે હિંદુનો જી.
આ વળી ફરી ચઢી આવતાં કોરોનાનાં મસીયાઈ જી,
આજ હું ?પણ ચાહું , સાંતાક્લોઝ દે એ જંગ જીતાડી જી.

માયા દેસાઈ ,મુંબઈ ભારત .

---

NOG SS NO -0050
વિષય - નાતાલ
પ્રકાર - પદ્ય
શીર્ષક -ક્રિસમસ ની ઉજવણી

ચાલોને સાથે મળીને નાતાલની
ઉજવણી કરીએ..!
ચાલોને સાથે મળીને ગરીબો ને જરૂરીયાત મંદોને ભેટ સોદાગર આપીએ..! ક્રિસમસમાં પ્રેમ મળે એકબીજાને..!
એકતા અને પ્રેમનાં સંસ્કાર આપે છે..!
માટે તો મળીને ઉજવણી કરીએ છીએ..!
સમગ્ર વિશ્વને સંદેશો આપે..! માનવતાનો પુંજ ફેલાવે ..!
જન્મ ઈસુનો ઉજવીએ..!
વર્ષભરની રાહ જોવે બાળકો..!
ક્રિસમસ ટ્રી શણગારે ભાઈચારોને પ્રેમ વધારે..!
નાના-મોટા સાન્તાની રાહ જુવે..!
લાવે પ્રેમથી ભેટો...!
શિયાળાની રાત્રે મનગમતી ભેટો આપે..!
જિંગલ બેલ વગાડે ,બેગ ભરીને ભેટ લાવે..!
મોટી દાઢી, લાલ વસ્ત્ર લાંબી પેલી ટોપી પહેરી આવે..!
ઈસુની વાતો પ્રેરણા આપે..!
ઈશ્વરનાં શબ્દો માનવ સ્વરૂપ ધારણ કર્યું..!
આપણી સંસ્કૃતિમાં શિયાળુ તહેવાર..!
તેની સ્થાપના સૌ પ્રથમ રોમના દેવળમાં થયેલી...!
ઈસુના મતે ઈશ્વરનાં પુત્ર પવિત્ર બાળક ખુશ રહે..!
આનંદની આંખો મળે..!
દેહમાં છુપાયેલાં ઈશ્વર સર્વ બ્રહ્માંડમાં ખુશી મળે..!
શાશ્વત ગૌરવ સાથે અંધકાર દુર થાય..!
ક્રિસમસની ઉજવણી સ્વર્ગીય આનંદ આપે..!
દુષ્ટતાથી વિશ્વને બચાવે..!

રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

---

NOG SS No.0098
विषय:- नाताल
प्रकार:- गद्य
शीर्षक:- हैप्पी क्रिसमस

ईसा मसीह के जन्मदिन के उपलक्ष में क्रिसमस का त्यौहार 25 दिसंबर को मनाया जाता है ।नाताल प्रेम और आशा का पर्व है। इस दिन लोग चर्च में जाकर प्रार्थना करते हैं और बहुत सी जगह पर इसा मसीहकी झांकी तैयार की जाती है लोग घरों में क्रिसमस ट्री लगाकर लाइटिंग के साथ सजावट करते हैं तथा मैरी क्रिसमस कहकर आनंद व्यक्त करते हैं । बच्चे केक मिठाई चॉकलेट एक दूसरे को भेंट देते हैं वह पर्व मनाते हैं। कई जगह सांता क्लॉस जाकर बच्चों को तरह-तरह के गिफ्ट देते हैं।

लेकिन विडंबना है देश में राजनीति करणने विभिन्न धर्मों में नफरत से पैदा कर दी। दूसरे धर्मों की आलोचना करने से अपना धर्म महान नहीं हो जाता बस इतनी सी बात समझ में लोगों को......

हिंदुस्तान के लगभग हर घर में तुलसी का पौधा होगा हिंदू के घर में रोज इसकी पूजा होती है, लेकिन कोई एक दिन निर्धारित करके इसका ढोंग नहीं किया जाता। कुछ साल पहले तक तुलसी दिवस मनाने का कोई प्रावधान नहीं था, जिन्हें इसका इतिहास पता है वह यह जानते हैं कि यह किसी संस्कृति क्या धर्म से जुड़ा दिन नहीं है ना ही यह सदियों से चली आ रही कोई परंपरा है, होती तो खरमास में नहीं मनाया जाता है।

इसकी शुरुआत आसाराम बापू ने 2014 से की थी वहीं आसाराम जिसे आप सभी अच्छी तरह से जानते हैं।

दोस्तों अन्य धर्मों के त्यौहार को नीचा दिखाने के लिए तुलसी दिवस की शुभकामनाएं मत दीजिए।

दोस्तों बहुसंख्यक आबादी होने का अर्थ नैतिकता से नीचे गिरना नहीं होता है।

( हैप्पी क्रिसमस)

✍
लीना शर्मा।
हालोल।

## ગુજરાતીઓએ પોતાની કુનેહ - કાબેલિયત - પુરુષાર્થથી વિશ્વમાં ડંકો વગાડ્યો છે- વિધાનસભાના અધ્યક્ષ

# વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં સેવા પ્રદાન કરનાર ગુજરાતીઓનું સન્માન

કેન્દ્રીય મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના એ ગુજરાતીઓની ખાસિયત છે. આપણા અસ્તિત્વમાં ગુજરાતી ભાષાના વૈભવનુ અમૂલ્ય યોગદાન છે ત્યારે આપણા અમુલખ વારસાને જાળવવા ગુજરાતી ભાષાનું જતન કરી તેની પ્રતિષ્ઠા વધારીએ તે સમયની માંગ છે. આજે અમદાવાદ ખાતે વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં સેવા પ્રદાન કરનાર ગુજરાતીઓ ના સન્માન પ્રસંગે આહવાન કરતાં શ્રી રૂપાલાએ કહ્યું હતું કે રાજ્ય, દેશ કે વિશ્વમાં કાર્યરત એવા તમામ ગુજરાતી સમાજો - સંગઠનો એક છત્ર નીચે આવે અને ગુજરાતી ભાષાને જીવંત અને જીવતી રાખવાનો 'કોમન મિનીમમ પ્રોગ્રામ' અમલમાં મૂકે તો ગુજરાત અને ગુજરાતીની મહામુલી સેવા ગણાશે.. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતની ઓળખ પુરાણકાળથી પ્રસ્થાપિત થયેલી છે એ પરંપરા આજે પણ જળવાઈ રહી છે. આજે પણ 'વૈષ્ણવ જન' ની ધૂન સાંભળતા જ પ્રત્યેક ગુજરાતીના હૃદયના તાર ઝણઝણવા માંડે તે જ પુરવાર કરે છે કે ગુજરાતી ભાષાનું સામર્થ્ય કેટલું છે... પૂજ્ય ગાંધી બાપુ, સરદાર પટેલ, ઝવેરચંદ મેઘાણી, નરસિંહ મહેતા, ભોજા બાપા, જલારામબાપા, આપા ગીગા, દયાનંદ સરસ્વતી, શ્રીજી મહારાજ, પ્રમુખસ્વામી જેવા અનેક રાષ્ટ્ર - ધર્મ પુરુષોએ ગુજરાત અને ગુજરાતી ભાષાને એક નવી ઊંચાઈ આપી છે એ શૃંખલામાં આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ પણ દિવ્ય ગુજરાત- દિવ્ય ભારતના વૈભવને નવી ઊંચાઈએ લઈ જવા કાર્યરત છે. આપણા પૂર્વજોની તપસ્યાએ ગુજરાતીઓને વિશ્વમાં નવી ઓળખ આપી છે..

આજે વિશ્વના ડાયમંડ માર્કેટમાં ગુજરાતીઓનો દબદબો છે એ જ રીતે તેવા કેટલાય ક્ષેત્રો છે જેમાં ગુજરાતીઓ પોતાનું સામર્થ્ય પુરવાર કરી ચુક્યા છે વિશ્વ ગુજરાતી સમાજનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સંસ્થા ગુજરતના સંસ્કાર વારસા અને સંસ્કૃતિના જતન સંવર્ધન માટે કાર્યરત છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ કહ્યું હતું કે, ગુજરાતીઓએ પોતાની કુનેહ - કાબેલિયત અને પુરુષાર્થથી વિશ્વમાં ડંકો વગાડ્યો છે. પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા ગુજરાતના પનોતા પુત્રના આદર્શોને આજે વિશ્વ આખાએ સ્વીકાર્યા છે..ગુજરાતમાં બનેલી સરદાર પટેલની સૌથી ઉંચી પ્રતિમાએ આખા વિશ્વમાં આકર્ષણ જમાવ્યું છે તે જ રીતે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આજે ગ્લોબલ લીડર તરીકે પ્રસ્થાપિત થયા છે. 'જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત' એ કહેવત કઈ એમ જ પડી નથી. વિશ્વ આખાએ ગુજરાતના સામર્થ્યને ઓળખ્યું છે અને સ્વીકાર્યું પણ છે, એમ તેમણે ઉમેર્યું હતું.



આ પ્રસંગે દિલ્હી વિશ્વ ગુજરાતી સમાજના ઉપપ્રમુખ શ્રી નીતિન આચાર્ય ગુજરાતી શ્રેષ્ઠીઓ અગ્રણીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

## પૂજ્ય શ્રી જીજ્ઞેશદાદા કથાનું સુકાન સંભાળશે

# રાજારામ ગૌશાળામાં શ્રી ગૌઅમૃત ભાગવત જ્ઞાનયજ્ઞ કથા મહોત્સવ



વેદો, ઉપનિષદો, દર્શનો, સંહિતાઓ, પુરાણો તથા અમર ભારતનાં ગૌરવશાળી ઈતિહાસમાં પુજય ગૌમાતાની પવિત્રતા,મહત્તા તથા શ્રેષ્ઠતા જોવા મળે છે. વર્તમાન યુગમાં પૂજય ગૌમાતા તથા ગૌવંશને અવર્ણનીય યાતનાઓ આપવામાં આવે છે. ધર્મશાસ્ત્રોમાં ગૌમાતાની રક્ષા, રોવા અને સંવર્ધનને સનાતની હિંદુ પરિવાર, સમાજ તથા રાષ્ટ્ર માટે પુનીત કર્તવ્ય અને સર્વ સમૃદ્ધિ તથા અલૌકિક અનુષ્ઠાનને ઈશ્વરીય કાર્ય માનવામાં આવે છે. કામધેનુ, કપિલા, સુરભી, સુભદ્રા, બહુલા, નંદા તથા નંદિનીના સંતાન પુજય ગૌમાતા પોતાના વંશ પરંપરાથી સૃષ્ટીને પરમ પાવન અને પંચભૂતો સહિત સમગ્ર જગતના પ્રાણીઓને સાત્વિક જીવની શકિત આપે છે. પુજય ગૌમાતાના માનવીઓ, દેવતાઓ અને ઋષિઓ સહિત બધા જીવો પર અનંત ઉપકાર છે. પુજય ગૌમાતાની મહતા ઉપાદેયતા આવશ્યક્તા તથા ગવ્યોની મહાન ઉપયોગીતા સર્વ દેશકાળમાં રહી છે. ભૂતકાળની અપેક્ષાએ વર્તમાનમાં પ્રદુષિત અને અસંતુલીત પ્રકૃતિ રોગણ શરીરો અને કુંઠિત મન મસ્તકથી માનવ જીવનમાં પૂજય ગૌમાતાનાં ગુણોનું મહત્વ ખુબજ વધી ગયુ છે. બીજી બાજુ એ પણ સત્ય છે કે ગૌવંશની ઉપેક્ષા તિરસ્કાર પરતાડના અને તેના ઉપર થતા અત્યાયારો તથા ગૌહત્યાની જઘન્ય પાપમય દુષ્પવૃતિ જેટલી વર્તમાન સમયમાં થાય છે, સંભવત્યા અતીતમાં કયારેય પણ નહિ થઈ હોય.

સતત અને અવિરત ગૌ સેવા સાથે સંકળાયેલ રાજારામ ગૌશાળાને ૨૧ વર્ષ પૂર્ણ થયા છે. વર્તમાન સમયમાં રાજારામ ગૌશાળા દ્વારા ૧૨૦૦૦ ગૌવંશને સાચવવામાં આવી રહ્યા છે તેમજ ૬૦૦૦ ગૌમાતાઓની સેવા કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં લાખો ગૌવંશને સાજા કરી, ઉપયોગી બનાવી ખેડૂતોને આપવામાં આવ્યા,જેમાં બિમાર, અપંગ, તુલી લંગડી,અંધ,અશકત અને અકસ્માતગ્રસ્ત ગૌવંશ ની આજીવન સેવા સારવાર કરવામાં આવે છે. હાલમાં ગૌશાળામાં અપંગ ગૌમાતાની સંખ્યા ૧૦૦૦ થી વધુ છે. જીવસૃષ્ટિના કલ્યાણ માટે પંચગવ્યમાંથી નવા નવા પ્રયોગો કરવામાં આવે છે, જેમાં કોરોનાના કપરા સમયમાં ગોશાળામાં કોવિડ સેન્ટર શરૂ કરી માનવજાતના કલ્યાણ માટે વિના મુલ્યે પંચગવ્ય તથા આર્યુવેદ ઔષધિઓથી અસાધ્ય રોગથી હજારોની સંખ્યામાં માનવજાતની સેવા કરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. ગૌવંશની ઉપયોગીતા વધારવા માટે તથા જનઆરોગ્ય માટે વિશેષ ખેતીમાં દેશી ખાતરનો ઉપયોગ થાય અને ઝેરી રાસાયણિક ખાતરનો બહિષ્કાર થાય તેવા પ્રયત્નો લગાતાર કરવામાં આવે છે તથા ઓર્ગોનિક ખાતર તૈયાર કરી ખેડુતો સુધી પહોંચાડવામાં આવે છે. ધરતીમાતાની ફળદ્રુપતા વધારવામાં આવે છે. પર્યાવરણની જાળવણી માટે તાલુકા તથા જિલ્લા કક્ષાનાં વનમહોત્સવનું આયોજન કરાવી હજારો વૃક્ષારોપણ કરવામાં આવે છે તથા તેનો ઉછેર કરવામાં આવે છે. સંસ્થામાં ગૌવંશ માટે ગુજરાતમાં મોટી ગૌ-હોસ્પિટલ છે જેમાં ઓપરેશન થિયેટરની સગવડ ઉભી કરવામાં આવી છે. જિલ્લામાં વિનામુલ્યે એમ્બ્યુલન્સની પણ સુવિધા છે. તથા પક્ષીઓ માટે ચબુતરો અને પક્ષી હોસ્પિટલની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. ગૌસંવર્ધન થકી નરલ સુધારણા, ધાર્મિક કાર્યક્રમથી જન જાગૃતિ પંચગવ્ય વિતરણ અને ઉપયોગીતા સમજાવી લોકોના સારા આરોગય માટે પ્રયત્નો કરવામાં આવે છે. "ગૌસેવા એજ પ્રભુરોવા'' ગૌસેવાની સાથે માનવકલ્યાણ માટે પંચગવ્ય ઔષધિઓ તથા અન્નક્ષેત્ર, પક્ષીઓ માટે પક્ષીઘર તથા ચણ તથા ગૌશાળામાં પ્રાથમિક શાળા, ઘાયલ પક્ષી હોસ્પિટલ, જન ઔષધિ કેન્દ્ર, પર્યાવરણ માટે વૃક્ષારોપણ, પાણીના તળ ઉંચા લાવવા માટે ખેત તલાવડીઓ તથા આમ માનવજાતિના કલ્યાણ માટે ગૌસેવા સાથે સાથે લોકકલ્યાણ માટે સરકારના દરેક અભિગમ સ્વીકારીને સંસ્થા ચલાવવામાં આવે છે. છેલ્લા ૨૧ વર્ષથી ગૌસેવામાં ઓતપ્રોત એવી રાજારામ ગૌશાળા થતાં પૂજય ગૌમાતાની મહિમાને ગૌઅમૃત મહોત્સવ દ્વારા લોકોના દિલમાં સ્થાપવા અને આ પ્રદેશને મહાન ગરિમામય સન્માન અને શ્રેષ્ઠતા પ્રદાન કરવા માટેનાં પાવન ઉદ્દેશથી પરમ દિવ્ય અનુષ્ઠાનનું આયોજન થઇ રહ્યું છે. ગૌમાતા, ગીતા, ગંગા, ગાયત્રી અને ગણેશ આપણી સંસ્કૃતિનાં આધાર સ્તંભ છે. ભારતવર્ષમાં ગુજરાત રાજય દાતા શુરવીર અને ભકતોની ભુમિ છે. જેમાં બનાસકાંઠા જિલ્લાની ભૂમિ ખુબ જ પવિત્ર છે જયાં ગૌમાતાની વધુમાં વધુ સેવા અર્ચના કરવામાં આવે છે. આવી જ પવિત્ર ભૂમિ પર ગૌમાતાની સેવામાં ઓળઘોળ રાજા રામ ગૌશાળામાં પરમ ભાગવત ગૌઋષિ શ્રધ્ધેય સ્વામી શ્રી દત્તશરણનંદજી મહારાજ ગૌધામ મહાતીર્થ પથમેડા પ્રેરિત શ્રી ગૌ અમૃત ભાગવત જ્ઞાનયજ્ઞ કથા મહોત્સવનું આયોજન થયું છે. આ કથાનો પ્રારંભ ૧૧ જાન્યુઆરી, ૨૦૨૨ મંગળવારનાં રોજ થશે. પૂજય શ્રી જીજ્ઞેશદાદા કથામાં વક્તાની ભૂમિકા ભજવશે. કથામાં ભાગ લેવા માટે પરમ પૂજય સિયાવલ્લભદાસજી મહારાજ તથા પૂજય રામરતનદાસજી મહારાજ તેમજ ગોશાળા પરિવાર-ટેટોડા તરફથી સૌ ને આમંત્રણ આપવામાં આવે છે. આ કથા શ્રી રાજારામ ગૌશાળા આશ્રમ, બનાસકાંઠાનાં ડીસા તાલુકાનાં ટેટોડા ગામે યોજવાની છે. આ અંગે વધુ માહિતી માટે દેવીભાઈ પટેલ(મો. ૯૮૭૯૮૭૦૦૬૯), (મો. ૯૪૨૬૪૦૮૪૫૧), (મો. ૯૭૨૪૩૨૫૩૨૫) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# એનીમલ વેલફેર બોર્ડ દ્વારા વસંત પંચમીએ પ્રાણી કલ્યાણ દિવસની ઉજવણી કરશે

## ભારતના ૧૧ શ્રેષ્ઠતમ જીવદયાપ્રેમીઓ, સંસ્થાઓ માટે ૧૦ વિવિધ એવોર્ડસ ની ઘોષણા કરાશે

ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ દ્વારા સમગ્ર ભારતમાં જીવજંતુઓ, પક્ષીઓ, પ્રાણીઓ અંગે લોકજાગૃતિ કેળવાય તેમજ તેમનું કલ્યાણ થાય તેવા ઉમદા અને પવિત્ર આશયથી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. ભારત સરકારનું એનીમલ વેલફેર બોર્ડ ૫-ફેબ્રુઆરી—૨૦૨૨, શનીવારે, વસંત પંચમીએ ×પ્રાણી કલ્યાણ દિવસ× તરીકે સમગ્ર ભારતમાં ઉજવશે. આ પવિત્ર દિવસે જીવદયાનું ઉત્કૃષ્ટ કાર્ય કરતા સેવકોને ×પ્રાણી મિત્ર× એવોર્ડસની ઘોષણા કરવામાં આવશે. બોર્ડ દ્વારા જીવજંતુ કલ્યાણ અને સંરક્ષણ માટે વ્યક્તિઓ તેમજ સંસ્થાઓને વિવિધ કેટેગરીમાં એવોર્ડસ અપાશે જેમાં પ્રાણીમિત્ર એવોર્ડસ( વિવિધ સાત કેટેગરીમાં જેમાં (૧) વ્યક્તિગત (૨) નવીનતમ વિચારો-વ્યકિતગત (૩) શોર્ય બહાદુરી-વ્યક્તિગત (૪) આજીવન પશુ સેવા—વ્યકિતગત (૫) પશુ કલ્યાણ સંસ્થા (AWO) (૬)સંશોધન અને વિકાસ (AWO) (૭) કોર્પોરેટ અને જીવદયા એવોર્ડસ (વિવિધ ત્રણ કેટેગરીમાં જેમાં (૧) વ્યકિતગત (૨) પશુ કલ્યાણ સંસ્થા (AWO) (૩) ૧૮ વર્ષથી ઓછી વયના બાળકોને વ્યકિતગત) એવોર્ડ અપાશે.આ એવોર્ડ અંગેનું ફોર્મ પૂરેપૂરું સુંદર હસ્તાક્ષરે ભરીને ભલામણપત્ર સાથેના જરૂરી ડોક્યુમેન્ટ પોતાની સહીવાળા હાર્ડકોપીમાં ધ સેક્રેટરી, એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા, (NIAW કેમ્પસ, ૪૨ કે.એમ. માઈલ સ્ટોન,દિલ્હી-આગ્રા હાઈવે, એન.એચ.૨, વલ્લભગઢ, હરીયાણા-૧૨૧૦૦૪ પર તા. ૧૫-જાન્યુઆરી—૨૦૨૨ સુધીમાં મોકલી દેવાનું રહેશે ૧૫-જાન્યુઆરી પછી કોઈપણનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. ફોર્મની એક નકલ સ્કેન કરીને ઈ-મેઈલ aninalwelfareboard@gmail.com પર મોકલવાની રહેશે. આ અંગેનું ફોર્મ તથા વિશેષ માહિતી એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડીયાની વેબસાઈટ www.awbi.in પરથી મળી શકશે તેમ એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડીયાના મેમ્બર ગીરીશભાઈ શાહ તેમજ પ્રેસ અને પબ્લીક રીલીશન્સ કમિટીનાં મેમ્બર મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯) ની યાદીમાં જણાવાયું છે.

## સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે ૪૧ દર્દીઓને દાખલ કરવા ઉપરાંત ઓક્સીજન સહિતની સુવિધાઓ

# ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ દેવગઢ બારીયા ખાતે રૂ. ૩.૧૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું



## જિલ્લામાં ૬ નવા મોબાઈલ મેડિકલ યુનિટનો શુભારંભ કરાવતા સાંસદ જસવંતસિંહ ભાભોર તેમજ ધારાસભ્ય બચુભાઈ ખાબડ સહિતના મહાનુભાવો

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ જિલ્લામાં સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ દેવગઢ બારીયા ખાતે રૂ. ૩.૧૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું છે. ડભવા ખાતેના આ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે ૪૧ દર્દીઓને દાખલ કરવા ઉપરાંત ઓક્સીજન સહિતની તમામ અત્યાધુનિક સુવિધાઓ મળશે.

આ પ્રસંગે વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ જણાવ્યું કે, રાજય સરકાર આદિવાસી જિલ્લાઓના છેવાડાના માનવીને પણ તમામ આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે કટીબદ્ધ છે. આજે સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સામુહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું છે. આ ઉપરાંત ટુંક સમયમાં જ ધાનપુર સામુહિક આરોગ્ય કેન્દ્રના નવીન મકાન માટે ભુમિપૂજન અને સામુહિક આરોગ્ય કેન્દ્ર મીરાખેડીનું પણ બાંધકામ તૈયાર હોઈ લોકાર્પણ થશે.

તેમણે ઉમેર્યું કે, છેવાડાના લોકોને પણ આરોગ્યની સુવિધાઓ મળી રહે તે હેતુથી રાજય સરકાર દ્વારા ૨૫૦ મોબાઈલ મેડિકલ યુનિટ આજરોજથી ચાલુ કરવામાં આવ્યા છે. જેમાં દાહોદ જિલ્લામાં પણ ૬ મોબાઈલ મેડિકલ યુનિટ ની ફાળવણી ગરબાડા, ધાનપુર, લીમખેડા, ફતેપુરા, દેવગઢબારીઆ,દાહોદ તાલુકાઓના છેવાડાના લોકોને પણ આરોગ્યની સુવિધાઓ મળી રહે તે મુજબ કરવામા આવી છે. આ સુવિધાઓ પણ લોકોને આજથી ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યુ કે, ગુડ ગવર્નન્સ સપ્તાહ ઉજવણીના ભાગરૂપે ૧૦૦૦ દિનદયાલ ઔષધાલય રાજય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં ચાલુ કરવામાં આવશે. જેમાં દાહોદ જિલ્લામાં ૩ પંડિત દિનદયાલ ઔષધાલય કાર્યરત છે અને બે નવા દેવગઢબારીઆ અને બે ઝાલોદ મુકામે ખોલવામાં આવશે, જેથી કરીને શહેરી વિસ્તારના લોકોને પણ લાભ મળી રહે. ઉપરાંત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૭ લેબોરેટરી ટેસ્ટમાં વધારો કરીને ૩૩ કરવામાં આવશે. પૂર્વ મંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડે અત્રેના સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે મળનારી સુવિધાઓ વિશે વાત કરતા જણાવ્યું કે, સામુહીક આરોગ્ય કેન્દ્રમાં ખાસ ૪ અલગ અલગ ઓપીડી વિભાગ દર્દીઓ માટે વિશાળ વેટીંગ એરિયા કુલ ૪૧ બેડ દર્દીઓને દાખલ રાખી શકાય તેવી સુવિધા પુરુષ અને સ્ત્રી એમ અલાયદા વોર્ડની સુવિધા કરવામાં આવી છે. તેમજ તમામ સુવિધાથી સજ્જ લેબોરેટરી જેમાં ૩૩ પ્રકારના ટેસ્ટ વિનામૂલ્યે કરવામાં આવશે.

ઓપરેશન થીયેટર -મેજર અને માઈનોર વિશેષ સાધનો સહિત ઓપરેશન થીયેટર જેમાં નાના, મોટા તમામ પ્રકારના ઓપરેશન કરી શકાશે. સ્ત્રી રોગની સારવાર માટેની સુવિધા, ડીલેવરી માટે સ્પેશિયલ લેબર રૂમ, સેન્ટ્રલ ઓક્સીજન લાઈન ૩૪, તમામ બેડ પર ઓક્સીજનની સાથે ઉપરાંત અગામી સમયમાં જરૂર પડે તો કોરોનાની સંભવિત લહેર માટે પણ તૈયારી રાખવામાં આવી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

કાર્યક્રમમાં લાભાર્થીઓને વિવિધ આરોગ્ય સેવાઓને લગતી યોજનાકીય લાભો મહાનુભાવોએ વિતરિત કર્યા હતા.

આ વેળા કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, જિલ્લા પંચાયત સભ્યો તાલુકા પંચાયત સભ્યો સરપંચો અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ સહિતના અધિકારીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહયા હતા.

## આહવા ખાતે ‘સુશાસન સપ્તાહ‘ નિમિત્તે યોજાયો આરોગ્ય વિષયક કાર્યક્રમ

# આરોગ્ય વિષયક સુવિધાઓ વધારવા માટે જરૂર પડયે વધુ રૂ.૩૦ લાખની ફાળવણી કરાશે - ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ




આહવા તાઃ ૨૭:

ડાંગના જરૂરિયાતમંદ પ્રજાજનોની આરોગ્ય વિષયક સુવિધાઓ વધારવા માટે જરૂર પડયે વધુ રૂ.૩૦ લાખની ફાળવણી કરવાની તત્પર્તા દર્શાવતા ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે, સ્થાનિક કક્ષાએ ઈંઝઇ લેબ સહિતની આનુષાંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામા રાજ્ય સરકાર કોઈ કચાશ નહી છોડશે તેમ જણાવ્યુ હતુ.

‘સુશાસન સપ્તાહ‘ ના ત્રીજા દિવસે આહવા ખાતે આયોજિત આરોગ્ય વિષયક કાર્યક્રમમા બોલતા ધારાસભ્ય શ્રી પટેલે કોરોનાની મહામારી વેળા આરોગ્ય કર્મચારી એવા ‘કોરોના વોરિયર્સ‘ એ પોતાના તથા તેમના પરિવારજનોની ચિંતા કર્યા વિના, જીવના જોખમે સેવા બજાવીને સુશાસનની વિભાવનાને ચરિતાર્થ કરી છે તેમ જણાવ્યુ હતુ. તેમણે સુશાસન સપ્તાહના ભાગરૂપે રાજ્ય સમસ્તની જેમ ડાંગ જિલ્લાને પણ કેટલીક વધુ આરોગ્ય સુવિધાઓ પ્રાપ્ત થઈ રહી છે તેમ ઉમેર્યુ હતુ.

આહવા સ્થિત સિવિલ હોસ્પિટલના પરિસરમા આયોજિત કાર્યક્રમ દરમિયાન જિલ્લાની સગર્ભા, તથા ધાત્રી માતાઓ, અને બાળકોને પોષણ કીટ અર્પણ કરતા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે ડાંગના પ્રજાજનોના સ્વાસ્થ્ય બાબતે અધિકારીઓ અને પદાધિકારીઓ સતત ચિંતિત છે, જેના પરિણામ સ્વરૂપ કોરોનાના કપરા કાળમા પણ ડાંગ જિલ્લામા મહદઅંશે કોરોનાને કાબુમા રાખવા આપણે સફળ રહ્યા છે તેમ જણાવ્યુ છે.

કોરોના વિરોધી રસીકરણ ઝુંબેશમા ડાંગ જિલ્લાએ મેળવેલી ૮૨ ટકા જેવી સફળ કામગીરીનો ઉલ્લેખ કરીને ધારાસભ્યશ્રીએ એક નવા મોબાઈલ હેલ્થ યુનિટનુ પ્રસ્થાન કરાવી પૂર્વપટ્ટીના કેટલાક વિસ્તારોમા કે જ્યા રસીકરણની કામગીરી વધુ વેગવાન બનાવવાની આવશ્યકતા છે ત્યા આ યુનિટના માધ્યમથી કામગીરી પૂર્ણ કરવા સાથે આરોગ્ય વિષયક સેવાઓ પહોંચાડાશે તેમ જણાવ્યુ હતુ.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને હેલ્થકાર્ડ અર્પણ કરતા ધારાસભ્યશ્રીએ છેવાડાના અકિંચન લાભાર્થીઓ સુધી સંપૂર્ણ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવાની સંવેદનશીલ કામગીરી રાજ્ય અને કેન્દ્ર સરકાર કરી રહી છે, તેમ ઉમેર્યુ હતુ.

પ્રાસંગિક વક્તવ્યમા ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ ગર્ભાધાનથી લઈને મૃત્યુ પર્યંત સુધીની અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ અમલી બનાવીને રાજ્ય અને કેન્દ્ર સરકારે ભુતપૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન સ્વ.શ્રી અટલજીના ‘ગૂડ ગવર્નન્સ‘ના સ્વપ્નને સાકાર કર્યુ છે તેમ જણાવ્યુ હતુ. તેમણે ‘કોરોના‘મા પોતાનો જીવ ગુમાવનારા કમનસીબ મૃતકોના પરિવારજનોને સહાય ચૂકવવા સહિત અનેકવિધ આરોગ્યલક્ષી યોજનાઓ ઓનલાઈન કરીને, DBT મારફત સહાય ચૂકવવાની પ્રથા અમલી બનાવી રાજ્ય સરકારે સુશાસનનો પરિચય આપ્યો છે તેમ કહ્યુ હતુ. કલેક્ટરશ્રીએ સંભવિત આપત્તિઓને નજર સમક્ષ રાખીને જરૂરી ઑક્સીજન પ્લાન્ટની ઉપલબ્ધતા, દવાઓ, સાધનો, વેક્સિનનો જથ્થો વધારીને અધિકારીઓ અને પદાધિકારીઓના સુચારૂ સંકલન સાથે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર પ્રજાજનોને ‘સુશાસન‘ આપવા માટે પ્રતિબદ્ધ છે તેમ જણાવ્યુ હતુ.

આહવાની સિવિલ હોસ્પિટલ ખાતે યોજાયેલા ‘સુશાસન સપ્તાહ‘ ના ત્રીજા દિવસના ‘આરોગ્ય લક્ષી‘ કાર્યક્રમમા આહવાના સરપંચ શ્રી હરિચંદ ભોયે સહિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપિન ગર્ગ, રેડક્રોસ સોસાયટીના સંચાલકશ્રી ડો.એ.જી.પટેલ, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રી ડો. ડી.સી.ગામિત, RCHOશ્રી ડો. સંજય શાહ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોષી, ICDSના પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ભાવનાબેન જીડીયા, મામલતદાર શ્રી યુ.વી.પટેલ, આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી શ્રી રતિલાલ ચૌધરી વિગેરેએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા નિભાવી હતી.

મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી શરૂ થયેલા કાર્યક્રમ દરમિયાન શાબ્દિક સ્વાગત અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામિતે કર્યુ હતુ જ્યારે આભારવિધિ સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ અધિક્ષકશ્રી ડો.અંકિત રાઠોડે આટોપી હતી. કાર્યક્રમના ભાગરૂપે મહાનુભાવોએ ‘રક્તદાન કેમ્પ‘ તથા ‘નેત્રબિંદુ નિદાન કેમ્પ‘ની મુલાકાત લઈ ‘સિકલસેલ એનીમિયા ડે કેર સેન્ટર‘નુ લોકાર્પણ પણ કર્યુ હતુ.

નરેન્દ્ર પવાર,ડાંગ

# વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી નીમાબેન આચાર્યએ મેરેથોન દોડને ફલેગ ઓફ કરાવ્યું

સમગ્ર દેશમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' ની ઉજવણી થઈ રહીછે જેના ભાગરૂપે ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા ‘‘ઈંદ્રૃંર્ૈકૈંહદ્બૈ’’ થીમ પર વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત ગુજરાત સરકારે ૨૬ ડિસેમ્બર થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ દરમિયાન ‘‘નદી મહોત્સવ’’ ઉજવવાનું આયોજન કર્યું છે. જેમાં અમદાવાદ ખાતે સાબરમતી નદી પર ચાર થીમમાં – સફાઈ, દેશભક્તિ, પ્રકૃતિ-પર્યાવરણ અને ભક્તિ-આધ્યાત્મિક અંગેના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

આજે બીજા દિવસે રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે મેરેથોન દોડનુ આયોજન કરવામાં આવ્યું હતું જેને વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી નીમાબેન આચાર્યએ ફલેગ ઓફ કરાવ્યું હતું.?

પ્રાસંગિક ઉદબોધનમાં વિધાનસભાના અધ્યક્ષે જણાવ્યું હતું કે આપણી પ્રાચીન સંસ્કૃતિમા લોકો નદી કિનારે વસવાટ કરતાં હતા.સ્વચ્છ હવા,પાણી અને આબોહવાના કારણે જમીનની ફળદ્રુપતા અને ખેતીમા સમૃદ્ધિ આવતી.વસ્તીનો વ્યાપ વધતા નદીઓથી દૂર માનવ વસવાટ વધ્યો અને નદીઓનું મહત્વ ઘટતું ગયુ ત્યારે તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ નદીઓનું જોડાણ અને જીવંત કરવાની વાત કરી.જેને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંકલ્પબદ્ધ કરવાની નેમ વ્યક્ત કરી.

સાબરમતી નદી એ સમયે સુકીભઠ્ઠ બની ગઈ હતી ત્યારે નર્મદાના નીરથી જોડાણ કરીને તેને જીવંત કરવામાં આવી.અને ત્યારબાદ અમદાવાદ શહેરની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે સાબરમતી નદીના કિનારે રિવરફ્રન્ટ બનાવીને શહેરીજનોને અમૂલ્ય ભેટ આપવાનો સંકલ્પ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાકાર કર્યો. આ ગુજરાત મોડલને સમગ્ર દેશમાં સ્વીકાર કરવામાં આવ્યો.

નદી કિનારે કરવામાં આવતાં સંકલ્પને અવશ્ય સિધ્ધી પ્રાપ્ત થાય છે તેમ જણાવતા વિધાનસભા અધ્યક્ષએ વધુમાં જણાવ્યું હતું કે ગ્રીક સંસ્કૃતિમાં મેરેથોન દોડનો વિચાર મૂકવામાં આવ્યો અને સમગ્ર વિશ્વમાં તેનો અમલ કરવામાં આવ્યો. કોઈપણ સંકલ્પ પૂર્ણ કરવા માટે તેની શરૂઆત મેરેથોન દોડથી થતી હોય છે.આજ રોજ યોજાઈ રહેલ આ મેરેથોન દોડથી આપણે સૌ સંકલ્પબદ્ધ થઈએ કે નદીની સાફસફાઈ અને પવિત્રતા જાળવીએ અને તેને દૂષિત થતી અટકાવીએ.નદીની આસપાસનો વિસ્તાર પર્યાવરણથી વૃક્ષોથી આચ્છાદિત રાખીએ. આ પ્રસંગે અમદાવાદ પશ્ચિમ સાંસદ શ્રી ડો કિરીટભાઈ સોલંકીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યંકિ ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ નદીઓનું જોડાણ કરવાનું સ્વપ્ન જોયું અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેને સાકાર કરી બતાવ્યું.અને સાબરમતી નદી પર રિવરફ્રન્ટ બનાવીને એક સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું. આજે રિવરફ્રન્ટ એ ગુજરાતનું ઘરેણું છે.જેમ રોડ,હવાઈ અને રેલમાર્ગ છે તેમ ભવિષ્યમાં આંતરિક વિસ્તારોમાં જળમાર્ગ દ્વારા પરિવહનની સુવિધા પણ ઉપલબ્ધ થશે. વિધાનસભાના અધ્યક્ષ અને સાંસદશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોએ મેરેથોન દોડને ફલેગ ઓફ કરાવ્યું હતું અને દોડવીરોને પ્રોત્સાહન આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સાબરમતી નદી ઉત્સવ અંતર્ગત લોકભાગીદારી સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહયા છે. આ પ્રસંગે અમદાવાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રીમતી ગીતાબેન પટેલ, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ,શ્રી બાબુભાઈ પટેલ, જળ સંપત્તિ વિભાગના ખાસ સચિવ શ્રી કે.બી રાબડિયા,જીલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી બળદેવભાઈ તથા અધિકારીશ્રીઓ અને દોડવીરો ઉપસ્થિત રહ્યા હતા.

- મનીષા પ્રધાન

# ધાણોદરડા ગામે તાલુકા પંચાયત જીતુભાઈ ના અધ્યક્ષ સ્થાને નવિન આંગણવાડી નું લોકાર્પણ યોજાયું

ચાણસ્માના દાણોદરડા ગામે નવીન આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ તેમજ સગર્ભા માતાઓને પોષણ કીટ વિતરણ તેમજ વહાલી દીકરી અંતર્ગત નવી જન્મેલી દીકરીઓને કીટ વિતરણ કાર્યક્રમ ચાણસ્મા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી જીતુભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.પ્રાપ્ત થતી વિગતો મુજબ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તેમજ કુપોષિત દીકરીઓ સહિતની વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ધાણોધરડા ગામે નવિન બનેલ આંગણવાડી કેન્દ્ર મકાનનું લોકાર્પણ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતુભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું તેમ જ યોજાયેલ



પ્રોગ્રામ ની અંદર વહાલી દીકરી અંતર્ગત નવી જમીલ દીકરીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમ સુશાસન દિન નિમિત્તે સગર્ભા માતાઓને પોષણ તેમજ માતૃશક્તિ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે સમગ્ર ચાણસ્મા તાલુકામાં કોઈ પણ સગર્ભા માતાઓ કુપોષિત ન રહેવા પામે તેના માટે હું મારાથી તમામ બનતા પ્રયત્ન કરવા માટે બંધાયેલો છું અત્રે યોજાયેલા પ્રસંગમાં ચાણસ્મા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ સોલંકી, આર સી ડી એસ ના વિશાખા બેન તેમજ ધાણોધરડા ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા રીપોર્ટર નિખિલ જોશી પાટણ

# લુણાવાડા જિલ્લા પંચાયત ખાતેથી પંચમહાલ સાંસદશ્રી રતનસિંહ રાઠોડેએ સાઈકલ રેલીને પ્રસ્થાન કરાવ્યું

લુણાવાડા,

સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત ફિટ ઈન્ડીયા ફિટ ગુજરાત સાયકલોથોન ઉજવણીના ભાગરૂપે ઈન્ચા.કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીસાશ્રી કે.ડી.લાખાણીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ મહીસાગર ધ્વારા આજરોજ તા.૨૬.૧૨.૨૦૨૧ના રોજ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવેલ જેને પંચમહાલ સાંસદશ્રી રતનસિંહ રાઠોડે લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં અધિક નિવાસી કલેકટરશ્રી એ.આઈ.સુથાર, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી એસ.બી.શાહ, અર્બન હેલ્થ ઓફિસર શ્રીમતિ રીચા બંસલ અને આરોગ્ય વિભાગ કર્મચારીશ્રીઓ તેમજ સ્થાનિક નગરજનો મળી અંદાજીત ૪૦ થી વધુ વ્યકતિઓએ સાયકલ રેલીમાં ભાગ લઈ રેલીને સફળ બનાવેલ.

સાયકલ રેલી જિલ્લા પંચાયત થી નિકળી પરશુરામ ચોક,ફુવારા પોલીસ ચોકી, માંડવી બજાર, અર્બન હેલ્થ સેન્ટર જરાતીવાડ, બસ સ્ટેશન થી કોટેજ હોસ્પીટલ ખાતે પૂર્ણ થઈ હતી. સ્વસ્થતા દ્વારા બિન ચેપી રોગોથી મુક્તિના સંદેશને ઉજાગર કરતા સાયકલ સવારોને સાંસદશ્રીએ પ્રોત્સાહિત કર્યા હતા. પત્રકારઃ રિપોર્ટ. ભીખાભાઈ માછી

# ભારત માતા અભિનદન સંગઠન ગુજરાત દ્વારા બાલ બલિદાન દિવસ ઉજવાયો

ભારત માતા અભિનંદન સંગઠન ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા સેક્ટર ૧૪ ખાતે ×બાલ બલિદાન દિવસ ઉજવાયો, આ કાર્યક્રમ માં ગુરૂ ગોવિંદ સિંહ ના ચાર પુત્રો અજીતસિંહ, ઝૂઝાર સિંહ ફતેસિંહજી, અને જોરાવર સિંહ કે જેઓને ઔરંગઝેબ દ્વારા જીવતા દીવાર માં ચણી લેવામાં આવ્યા હતા તેઓના બલિદાન માટે આજે તારીખ ૨૬ ડિસેમ્બર રવિવાર ના રોજ પૂપાંજલિ અર્પિત કરી ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ, સામાજિક કાર્યકર અને સાહિત્યકાર શ્રી કાંતિ ભાઈ પટેલ એડવોકેટ અને સેક્ટર ૧૪ ગાંધીનગર ના અન્ય વસાહત ભાઈ બહેનો એ ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ ની સામે બાલ બલિદાન દિવસ ઉજવાયો છે.

આ કાર્યક્રમ માં શ્રી કાંતિ ભાઈ પટેલ એડવોકેટ દ્વારા દિપ જ્યોતિ પરમ જ્યોતિ પ્રક્ટવ્વમાં આવી અને કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો આ કાર્યક્રમ માં શ્રી ડૉ પટેલ અધ્યક્ષ દ્વારા બાલ બલિદાન વિશે હિન્દી માં કવિતા સાહબજાદા રજૂ કરી હતી અને બાલ બલિદાન દિવસ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમ માં શ્રી કાંતિ ભાઈ પટેલ એડવોકેટ દ્વારા ગુરુ ગોવિંદ સિંહ વિશે માહિતી આપી હતી અને ૧૧ વાગ્યે બે મિનિટ નું મૌન સરવે ઉપસ્થિત અતિથિઓ અને વસાહતી ઓ દ્વારા પાળવામાં આવ્યું હતું

અંત માં કાંતિ ભાઈ પટેલ એડવોકેટ દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો

ડૉ.ગુલાબચંદ પટેલ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.